# રાષ્ટ્રીય એકતા

★

દાદા ધર્માધિકારી
અને
વિનોબા

★

યજ્ઞ પ્રકાશન : ભૂમિપુત્ર : હુઝરાતપાગા, વડોદરા

# નિવેદન

"કેટલીક અપ્રિય વાતો કરવાની છે, પણ એ પીડાતા દર્દીના કણસાટ સમ હશે"—એમ દાદાએ શરૂઆત કરી અને સવા કલાક સુધી નિઃસ્તબ્ધ શાંતિ વચ્ચે દિલની વ્યથા ઠાલવી. એમાં જે દર્દ હતું તે સમસ્ત શ્રોતાવર્ગને સ્પર્શી ગયું હશે તેમ જ અંતરખોજ જગવી ગયું હશે.

શબ્દ એ અર્થનું વાહન છે. માનવ-માનવ વચ્ચેના વિચાર-ભાવ-વિનિમયનું એ સાધન છે. જ્યારે પ્રત્યક્ષ જીવંત ધબકતા માનવહૃદય-દ્વારા એ દેહ ધારણ કરતો હોય ત્યારે એ એટલો જ જીવંત ને પ્રાણવાન બની રહે છે. આજે અહીં લિપિબદ્ધ બનેલું એ વ્યાખ્યાન એમાંનાં દર્દ ને વ્યથાને કેટલે અંશે વાચક સુધી પહોંચાડી શકશે ? પરંતુ બે લીટી વચ્ચે વાંચી શકે છે એવા સંવેદનશીલ વાચકો સાર ગ્રહણ કરશે જ. આ વ્યાખ્યાન એવી રીતે વંચાય તેમ જ રાષ્ટ્રીય એકતા સારુ અવિરત પુરુષાર્થ કરવાની પ્રેરણા એમાંથી મળી રહે એ જ અભીપ્સા.

૨૮ સપ્ટેમ્બરથી ૧ ઑક્ટોબર દરમ્યાન દિલ્હી ખાતે મળેલ 'રાષ્ટ્રીય એકતા પરિષદ'ની કાર્યવાહીને પણ આ પુસ્તિકામાં આવરી લેવાનો અમે પ્રયત્ન કર્યો છે. અમને આશા છે કે રાષ્ટ્રીય હિત જેમને હૈયે વસ્યું છે એવા સૌ મિત્રો રાષ્ટ્રીય એકતાના યજ્ઞકાર્યમાં અમારા નમ્ર હવિર્ભાગ રૂપ આ પુસ્તિકાને ઘેરઘેર પહોંચાડવામાં અમને મદદ કરશે.

## બીજી આવૃત્તિ વેળાએ

માત્ર અઠવાડિયામાં જ આ પુસ્તિકાની બીજી આવૃત્તિ બહાર પડે છે એ જેમ ઉત્સાહી કાર્યકરો તથા અન્ય મિત્રોના પુરુષાર્થનું દ્યોતક છે તેમ સદ્‌વિચાર ઝીલવાની સામાન્ય જનતાની તત્પરતાનીયે અભિવ્યક્તિ સમ છે. એ તત્પરતા જ રાષ્ટ્રીય એકતાની ભાવનાનું પરિપોષણ કરી શકશે, સંવર્ધન કરી શકશે. આ બીજી આવૃત્તિમાં આસામમાંના ૫–૬ ઑક્ટોબરનાં વિનોબાજીનાં બે પ્રવચનોનો તેમ જ મદુરા ખાતેના જવાહરલાલજીના પ્રવચનનો પણ સમાવેશ કર્યો છે.

# રાષ્ટ્રીય એકતા

★

દાદા ધર્માધિકારી
અને
વિનોબા

★

યજ્ઞ પ્રકાશન : ભૂમિપુત્ર : હુઝરાતપાગા, વડોદરા

★

પ્રથમ આવૃત્તિ
પ્રત ૨૦૦૦
ઑક્ટોબર ૧૯૬૧

બીજી આવૃત્તિ
પ્રત ૫૦૦૦
ઑક્ટોબર ૧૯૬૧

યજ્ઞ પ્રકાશન વતી કિશન ત્રિવેદીએ
યજ્ઞ મુદ્રિકા, હુઝરાતપાગા, વડોદરાથી છાપીને પ્રકટ કર્યું.

## અનુક્રમ

૧. રાષ્ટ્રીય એકતા — દાદા ધર્માધિકારી — ૩
૨. ભારતીય એકાત્મતા — વિનોબા — ૧૯
૩. શાંતિ-સંકલ્પ અને શિક્ષણનું નવસંસ્કરણ — ,, — ૨૭
૪. પરિશિષ્ટ : — ૩૫
રાષ્ટ્રીય એકતા પરિષદની કાર્યવાહીમાંથી ચૂંટેલું
પરિષદના સર્વસંમત નિવેદનનો નિચોડ
૫. શાંતિ-સંકલ્પ — છેલ્લું પૂઠું

# રાષ્ટ્રીય એકતા

**આ** વ્યાખ્યાનોમાં વિચારોનો એક ક્રમ આપણે ચાલુ રાખ્યો છે. આ વ્યાખ્યાન સાથે, જ્યાં સુધી આ વ્યાખ્યાનમાળાનો સંબંધ છે ત્યાં સુધી, આપણે એને બંધ કરીશું. હું સમાપ્ત કરીશું એમ નથી કહેતો, બંધ કરીશું એમ કહું છું; કેમ કે વિચાર ક્યારેય સમાપ્ત નથી થતો, સમાપ્ત ન થવો જોઈએ. આપણે ત્યાં એક પરંપરા પણ છે કે ભાગવત કે ભગવદ્ગીતાનો પાઠ પૂરો થઈ જાય તો ફરીથી પહેલા અધ્યાયનો એક શ્લોક વાંચીને પુસ્તક નીચે મૂકે છે. સ્વાધ્યાય કદી સમાપ્ત નથી થતો પરંતુ સમય નિયત કર્યો હોય એટલે એ હિસાબે બંધ કરાય છે. यावद् तैलं, तावद् व्याख्यानम्–દીવામાં જ્યાં સુધી તેલ હોય, ત્યાં સુધી વ્યાખ્યાન ચાલે.

આજે તમારે અને મારે માટે અપ્રિય એવી કેટલીક વાતો કરવાની છે. એણે દુર્યોધનને કહેલું કે

सुलभाः पुरुषा राजन् सततं प्रियवादिनः ।
अप्रियस्य च पथ्यस्य वक्ता श्रोता च दुर्लभाः ॥

નિત્ય કાનોને મીઠી લાગે એવી વાતો કરનારા અને મનરંજન કરનારા પુરુષો સુલભ છે, પરંતુ અપ્રિય છતાં શ્રેયસ્કર વાત કહેનાર ને સાંભળનાર બંનેય દુર્લભ છે. આજે હું જે કેટલીક અપ્રિય વાતો કરનાર છું, એનાથી મને આનંદ થવાનો છે એમ કૃપા કરીને ન માનતા, એને બદલે એમ સમજજો કે એક રોગગ્રસ્ત માણસના મોંએથી વ્યથાભરી આહ નીકળે છે તેમ એ વાતો મારે મોંએથી નીકળશે.

### સંકીર્ણ રાજ્યવાદનું તાંડવ

આજે આપણા દેશમાં સંકીર્ણ રાજ્યવાદની બોલબાલા છે. આ દેશ છિન્ન-વિચ્છિન્ન થઈ જવાનો ભય છે, કેમ કે રાજ્યવાદ, સત્તાવાદ માણસોને સંયોજવાને બદલે અલગ કરે છે. સત્તા ને સંપત્તિનો એવો સ્વભાવ છે કે તે મનુષ્યોને જુદા પાડે છે, જોડતા નથી.

મારો મિત્ર ધનવાન છે. જાહેર જીવનમાં કંઈક જરૂર પડી તે એની પાસે હજાર રૂપિયા ઉધાર માગવા ગયો. મેં કહ્યું કે "થોડા વખત માટે હજાર રૂપિયા ઉધાર આપશો કે?" તો એણે કહ્યું, "નહીં, તમને ઉધાર હરગિજ નહીં આપું." મેં કહ્યું, "તમે નહીં આપો તો બીજું કોણ મને આપવાનું? બીજું તો કોઈ મને ઓળખતું નથી. અને જે કોઈ ઓળખે છે તેઓ જાણે છે કે મારી પાસે આ સાડાત્રણ હાથ શરીર સિવાય બીજું કાંઈ નથી." તો એમણે જવાબ આપ્યો કે "હું તમને હજાર રૂપિયા આપીશ ખરો, પણ ઉધાર નહીં." "ઉધાર કેમ નહીં?" "મિત્રો વચ્ચે આપસમાં પૈસાની લેવડદેવડ નથી કરતો, કેમ કે આપસમાં લેવડદેવડ કરવાથી દોસ્ત દુશ્મન બની જાય છે." આમ જેની સાથે લેવડ-દેવડ કરવી હોય એને અંગે એટલું તો માનવું પડશે કે તે દુશ્મન ન હોય તોયે અમિત્ર તો હોવો જ જોઈએ. સત્તાનો અને સંપત્તિનો વિનિમય ખાસ કરીને એમની સાથે થાય છે, જેમની સાથે આપણો સ્નેહસંબંધ ન હોય.

આજે એ જરૂરી છે કે સત્તાની પ્રતિસ્પર્ધામાં પડેલ રાજનૈતિક પક્ષો એવો સંયુક્ત સંકલ્પ કરે કે અમે સત્તાની પ્રતિસ્પર્ધામાં દેશના ટુકડા નહીં થવા દઈએ. અમને લોકો હમેશાં પૂછે છે કે આ પક્ષવાળાઓને સાથે બેસાડીને તમે એમની પાસે શું કરાવવા ઇચ્છો છો? તો સાથે બેસાડીને આટલો સંકલ્પ કરાવવા માગીએ છીએ. આજે એવો વ્યાવર્તક, સંકીર્ણ રાજ્યવાદ પ્રવર્તી રહ્યો છે કે જે આ દેશના ટુકડે ટુકડા કરવા ઉદ્યત બન્યો છે. ગુજરાત અને મહારાષ્ટ્ર રચાઈ ગયાં તો હવે વિદર્ભનો વિવાદ ઊભો થયો. ભાગલા વખતે એક પંજાબનાં બે પંજાબ થયાં. તો હવે પંજાબી સુબાનું આંદોલન ઊપડ્યું છે. આ બધો સ્વભાષા પ્રત્યેનો પ્રેમ છે, એને વિશેનું અભિમાન છે, કે એની પાછળ કોઈ સાંસ્કૃતિક ભૂમિકા છે એમ રખે માનતા. એ તો નર્યો રાજ્યવાદ છે. આ રાજ્યવાદનો પ્રતિકાર કોણ કરી શકે? એ સાધારણ નાગરિક કરી શકે, જે હજી રાજ્યવાદી નથી બન્યો.

દેશના કેટલાક વિચારવાન લોકોએ મને એમ સમજાવવાની કોશિશ કરી છે કે આ એક દેશ છે જ નહીં, એ તો ઉપખંડ છે, Sub-continent છે. ભારતવર્ષ ભરતખંડ છે, અને ભરતખંડ બની ગયો કે પછી

એ અખંડ છે કે શતખંડ છે એ મહત્ત્વનું નથી રહેતું ! ભારતવર્ષ એક ઉપખંડ નહીં, એક અખંડ દેશ છે, અને એ આપણો વારસો છે. આ દેશના ઇતિહાસમાં કયારેય એવો દિવસ નથી આવ્યો જ્યારે કોઈ સાધારણ નાગરિકેય ભારતવર્ષની આ એકતા વિશે પ્રશ્ન ઉઠાવ્યો હોય. એકતાની પ્રતીતિ નહોતી, રાષ્ટ્રીય ભાવના નહોતી, રાષ્ટ્રીયતાનો વિચાર પણ નહોતો થયો, છતાંયે આ દેશના પુરાતન સાહિત્ય ને ઇતિહાસમાં કયારેય એની એકતા અંગે પ્રશ્ન નથી ઊઠયો. યુરોપના નાગરિકો સામે આ પ્રશ્ન આવેલો અને એમણે એનો ઉત્તર પણ આપ્યો. પરંતુ આપણા દેશમાં કયારેય આ પ્રશ્ન ઉપસ્થિત જ નથી થયો. તેથી હું હમેશાં કહું છું કે આધુનિક રાષ્ટ્રીયતાનું એક પણ લક્ષણ જોવા નથી મળતું, છતાંયે ભારતીય એકતા પ્રાચીન ભારતમાં એક સિદ્ધ વસ્તુ રહી છે. અને આજે એક રાષ્ટ્રનાં અનેક રાષ્ટ્રો કરવા તત્પર બન્યા છીએ !

પહેલાં જુદા જુદા પ્રાંતોનો બનેલો આ દેશ હતો. આજે હવે તે જુદા જુદા રાજ્યોનો દેશ છે. હવે પ્રાંતો નથી રહ્યા, રાજ્યો બન્યાં છે. આ બહુરાજ્યવાદની સાથોસાથ બહુરાષ્ટ્રવાદ આવ્યો છે. પાકિસ્તાની મુસલમાનોને આપણે દોષ દીધો. પ્રામાણિકતાપૂર્વક કહું તો એમને માટે મારા ચિત્તમાં ઘણી મોટી વેદના છે, ક્રોધ પણ સારી પેઠે છે. એમણે દેશનાં માત્ર બે રાજ્ય ન કર્યાં, બે રાષ્ટ્ર બનાવી દીધાં. પરંતુ એમણે તો બે રાષ્ટ્ર જ બનાવ્યાં, ત્યારે આપણે આજે બહુરાજ્યવાદ અને બહુરાષ્ટ્રવાદમાં ચકચૂર છીએ. પાકિસ્તાનનો આપણે વિરોધ કર્યો પણ તેમાં શક્તિ નહોતી. જેના પોતાના મનમાં બહુરાષ્ટ્રવાદ છે, તેનામાં દ્વિરાષ્ટ્રવાદનો વિરોધ કરવાનું નૈતિક બળ નથી આવતું. એટલે દેશના ભાગલા પડયા તે માટે આપણે બધાં દોષિત છીએ. આજનો અવસર દેશના સર્વ નાગરિકો સારુ આત્મપરીક્ષણનો છે.

એક અંગ્રેજ છોકરાએ yes શબ્દ પર નિબંધ લખ્યો. એમાં તેણે લખ્યું કે જર્મન, ઇટાલિયન, ફ્રેન્ચ વગેરે કોઈના ઉચ્ચાર સાચા નથી હોતા. માત્ર અંગ્રેજો જ સાચો ઉચ્ચાર કરે છે. એને બે સવાલ પૂછવામાં આવેલા. એક સવાલ એ કે શુદ્ધ ભાષા કોની ? એણે જવાબ આપ્યો કે અંગ્રેજોની. બીજો સવાલ એને એ પૂછયો હતો કે તું અંગ્રેજ ન હોત તો

બીજું શું બનવા ઇચ્છત ? એણે ઉત્તર દીધો કે અંગ્રેજ સિવાય બીજું કંઈ હું થવા નથી માગતો. આ દેશમાં આજે આ મનોવૃત્તિ કામ કરી રહી છે. આ ભાષિક અહંવાદ છે. એને મન ફાવે તેવા શોભનીય, લોભનીય કે મોહક નામ આપો પણ તે નર્યો ઉદ્દંડ ભાષાવાદ છે. એમાંથી ભાષિક રાજ્યોનો જન્મ થયો છે.

આજે એમ થઈ આવે છે કે આ વ્યવસ્થાને બદલી નાખું, પણ એ મારા હાથની વાત નથી. છતાંયે ઓછામાં ઓછો એનો ડંખ તો દૂર કરીએ. ભાષિક રાજ્યોને કારણે આ દેશમાં જે પરિસ્થિતિ પેદા થઈ છે એને સુધારવા શું કરવું જોઇએ. એ આજે આપણા સહુ સમક્ષનો મુખ્ય પ્રશ્ન છે.

## અખિલ ભારતીય જીવન ક્યાંય દેખાય છે ?

ભાષિક રાજ્યોનું પરિણામ શું આવશે એ જરા વિચારીએ. માતૃ-ભાષામાં શિક્ષણ અપાય. સ્વીકાર્યું. જનતા સમજે એ ભાષામાં વહીવટ ચાલે. સ્વીકાર્યું. પરંતુ એક જનતા બીજી જનતાના સંપર્કમાં જ નથી આવવાની શું ? આજે આખી દુનિયા સાંકડી બની રહી છે. એક દેશના લોકો બીજા દેશમાં જવા જોઈ એ. સાંસ્કૃતિક પ્રતિનિધિમંડળો મોકલાય છે. આજે તો ખેડૂતોનાંય પ્રતિનિધિમંડળો પરદેશ મોકલાય છે. ત્યારે આ દેશમાં પહેલેથી જે સંપર્ક પ્રસ્થાપિત હતો એને તોડવાની પ્રવૃત્તિ ચાલી રહી છે !

આ દેશમાં લૌકિક અખિલ ભારતીય જીવન સ્થાપવાનું શ્રેય અંગ્રેજોને છે. બિનસરકારી, રાજનિરપેક્ષ અખિલ ભારતીય જીવન અંગ્રેજોના જમાનાથી આવ્યું. પેશાવરના ખાન અબ્દુલ ગફારખાં દક્ષિણમાં જઈ શકતા હતા, જ્યારે દક્ષિણના રાજાજી પેશાવર જઈ શકતા. આજે હું પૂછવા માગું છું કે સ્વતંત્રતા મળ્યા બાદ એવા કેટલા દેશભક્ત નીકળ્યા જેઓ આમ કરી શકે છે ? ખુદને જ સવાલ પૂછો. મહારાષ્ટ્રના કેટલા નેતાઓનાં નામ તમે જાણો છો ? રાનડે, ગોખલે, તિલક, બહુ બહુ તો શંકરરાવ દેવ ને અચ્યુત પટવર્ધન. પણ એમના પછીના કેટલા નેતાઓને તમે ઓળખો છો ? મહારાષ્ટ્ર તો પડોશમાં છે

એટલે ચવાણનું નામ સાંભળ્યું હશે. બાકી દૂરના કોઇ રાજ્યના મુખ્ય મંત્રીનું નામ પણ નહીં જાણતા હો. કોઈ અખિલ ભારતીય જીવન આ દેશમાં આજે અસ્તિત્વ ધરાવતું નથી. આ અંગે તમે વિચારો.

પૂનાની વિદ્યાપીઠમાં ગુજરાતનો પ્રોફેસર નહીં હોય અને અમદાવાદની વિદ્યાપીઠમાં હવે ફરી કોઇ આડવલે નહીં હોય. કાશીની વિદ્યાપીઠવાળા કહેશે કે આ દક્ષિણવાળાઓનું અમારા વિદ્યામંદિરો પર આક્રમણ થઈ રહ્યું છે. કાશીનો વિદ્યાર્થી દક્ષિણમાં નહીં અને રામેશ્વરનો વિદ્યાર્થી કાશીમાં નહીં. આ પરિસ્થિતિ પર ગંભીરતાથી વિચાર કરવો જોઇએ. અખિલ ભારતીયતાનો આધાર શો હશે ? કઈ પ્રતિષ્ઠાના આધાર પર આપણે અખિલ ભારતીય જીવન-મંદિર ઊભું કરવા માગીએ છીએ ? એક પ્રતિષ્ઠા શિક્ષણની હતી તે તો આપણે દૂર કરી દીધી. તોયે જાણે કાંઈ વાંધો નહીં, એમ માન્યું કે શિક્ષણ પોતપોતાની ભાષામાં મળે. પરંતુ આજે તો ડર એ છે કે આપણા ઈલાકામાં ક્યાંક બીજી ભાષાવાળાઓ મોટી સંખ્યામાં આવીને વસી ન જાય ? આસામમાં અને બેલગામમાં આ જ ડર છે.

આપણો દેશ તો અદ્ભુત છે ! એમાં કેવળ તાજમહાલની જ અજાયબી નથી. ભાષાકીય લઘુમતી આ દેશમાં શરણાર્થીય બની શકે છે ! એક ભાષા બોલનાર લોકો બીજી ભાષાવાળા પ્રાન્તમાં નિરાશ્રિત બની જાય છે ! આ દેશના નેતાઓ સામે આ શું સમસ્યા નથી ? આવું અગાઉ તમે કદી સાંભળ્યું છે ? પહેલાં સાંપ્રદાયિક નિરાશ્રિતો થયા અને આજે ભાષિક નિરાશ્રિત ! આનું પરિણામ શું આવશે ? ભગવાન ન કરે, પણ જો એવું થાય કે વડોદરા—અમદાવાદમાં મરાઠી—ગુજરાતી વચ્ચે ઝઘડો થઈ પડે તો મરાઠી બોલનારાઓએ ગુજરાતી મહોલ્લામાંથી અને ગુજરાતી બોલનારાઓએ મરાઠી મહોલ્લામાંથી ભાગવું પડશે. પછી એમણે એકમેકના પ્રાંતમાંથી ભાગવું પડશે.

આ સમસ્યા પોલીસ કે લશ્કરના સિપાઇને હવાલે ન કરી શકાય. આ દેશના જે Best Brains—સર્વોત્તમ વિચારવાન પુરુષો છે અને ઉદારતમ હૃદયવાન દેશભક્તો છે એમની સૌની સામેની આ સમસ્યા છે. વિનોબાના મુઠ્ઠીભર શાંતિ-સૈનિકોય આ કામ નહીં કરી શકે. તેઓ પોતાની

આહુતિ દઈ શકશે. પરંતુ દેશના સમજદાર, વિદ્વાન પ્રતિષ્ઠિત નાગરિકોએ એવો નિશ્ચય કર્યો હોય કે ભિન્નભાષીઓ એકસાથે રહી જ ન શકે અને તેઓ રહેવા ઇચ્છતા હોય તોય અમે સમાજજીવનમાં તે સારુ અવસર નહીં રહેવા દઈએ તો વિનોબા તો શું એના પિતામહ કે પ્રપિતામહ આવે તોય કાંઈ નહીં કરી શકે. એનો સંકલ્પ તો સાધારણ નાગરિકે કરવાનો છે. એને માટે તે આવશ્યક છે, અને તે આ કરી શકશે.

## મનુષ્યની વિશેષતા ભાષા નહીં, વાણી

એનું મૂળભૂત કારણ એ છે કે મનુષ્યની વિશેષતા ભાષા નહીં, વાણી છે. ભાષા મનુષ્યનો સંસ્કાર છે, વાણી મનુષ્યનો સ્વભાવ છે. મનુષ્ય અને પશુમાં જે ભેદ છે તે વાણીને કારણે છે, ભાષાને કારણે નહીં. ભાષા દ્વારા મનુષ્યની માનવતાનો વિકાસ નથી થતો, એની વાણીનો વિકાસ થાય છે. ભાષા સંસ્કારજન્ય છે, એ એક સાધન છે. ભાષા બદલાઈ પણ શકે છે કારણ કે એ મનુષ્યનો સ્વભાવ નથી. કાકાસાહેબ અને મામાસાહેબ ફડકેના દાખલા તમારી સમક્ષ મોજૂદ છે. મહારાષ્ટ્રમાં એવા કેટલાય પરિવારો છે, જેઓ ગુજરાતી કરતાં મરાઠી વધુ સારી જાણે છે. ઉત્તર પ્રદેશમાં પહાડી વિસ્તારમાં ઘણાં મરાઠી પરિવારો છે, જે આજે મરાઠી ભાષાનો અક્ષરેય નથી જાણતા. ભાષા જો સ્વાભાવિક હોત તો બદલાત કેવી રીતે? આગલી પેઢીમાં તો એવા કેટલાય વક્તા હતા જે માતૃભાષામાં નહીં પણ માત્ર અંગ્રેજીમાં જ ભાષણ કરી શકતા.

એક વાર એક મોટા મહારાષ્ટ્રીયન નેતાને અધ્યક્ષ બનાવ્યા. તેઓ અધ્યક્ષીય ભાષણ કરવા ઊભા થયા. પોતે અંગ્રેજીમાં જ બોલી શકશે એમ કહેવા શરૂઆતમાં બે-એક વાક્ય મરાઠીમાં બોલ્યા: आपण मला कुरसीत घातल्या बदल मी आपल्या आभारी आहे—તમે મને ખુરશીમાં ઘાલ્યો તે બદલ હું તમારો આભારી છું. એમણે તો I thank you for having put me in the chairનો મરાઠીમાં વફાદાર અનુવાદ કરી નાખ્યો! હું તમને કહેવા એ માગું છું કે ભાષા એવી હોય છે જે બદલાઈ નથી શકતી, એ અનેક લોકભ્રમોમાંનો સૌથી મોટો એક ભ્રમ છે. ભાષા માણસનો સ્વભાવ નથી હોતી એનું આ એક કારણ છે.

બીજું કારણ એ છે કે મનુષ્યમાં ને પશુમાં મોટું અંતર છે. પશુની ભાષાનો અનુવાદ નથી થઈ શકતો. ગધેડાની બોલીનો અનુવાદ કૂતરાની બોલીમાં નથી થઈ શકતો. જ્યારે માણસમાં તો એમ કહેવાય છે કે આ બહુ મોટો લેખક છે, કેમ કે એનાં પુસ્તકોનો અનુવાદ દુનિયાભરની અનેક ભાષાઓમાં થયો છે. આજે જે સંકીર્ણ ભાષાવાદી ઢબે વિચારાય છે તે ઢબે તો આ વાતથી ખૂબ દુઃખ થવું જોઇએ કે પોતાની ભાષા છોડીને બીજી ભાષાઓમાં અનુવાદ થાય છે? આજના જેવો ભાષાનો પ્રેમ હોય તો તો કહેવું જોઈએ કે હું બીજી ભાષામાં નહીં બોલું, નહીં લખું અને મારી ભાષામાં બોલેલું ને લખેલું બીજી ભાષાવાળાઓને નહીં સાંભળવા દઉં, નહીં વાંચવા દઉં, નહીં સમજવા દઉં, થવું તો આમ જોઈએ.

### ઇશારા ને હાવભાવની ભાષા પર આવી જવું છે?

પરંતુ આમ થતું નથી, કેમ કે એ મનુષ્યનો સ્વભાવ નથી. મનુષ્ય બોલે છે શા માટે? સંભળાવવા સારુ, સમજાવવા સારુ અને અભિ-વ્યક્તિ સારુ. હું બોલી રહ્યો હોઉં અને તમે સમજી ન શકો તો ઇશારા ને હાવભાવથી સમજાવવું પડશે. મારે પાણી જોઈતું હોય અને પાણી કે water કહેવાથી તમે સમજો નહીં તો મારે તમારા મોંની સામે હાથના હાવભાવથી સમજાવવું પડે. તો શું આ જ અખિલ ભારતીય ભાષા હશે કે?—ઇશારા ને મુક્કાની? હિંદીનું નામ લઇએ છીએ તો દક્ષિણવાળાઓને રુચતું નથી. પડોશની કોઈ ભાષા તરફ પ્રેમથી જોવાતું નથી. આમ એકમેકની ભાષા બોલવા-લખવા-સમજવાનો ઇન્કાર કરીશું તો હવે આંતરપ્રાંતીય વ્યવહારની એક જ ભાષા રહેશે ને? મુક્કાબાજીની.

આંતરપ્રાંતીય વ્યવહાર શું આંતરરાષ્ટ્રીય વ્યવહારની જેમ સીમિત રહેવાનો છે? એક તરફથી વાહનવ્યવહારનાં સાધનો વધી રહ્યાં છે. વિમાનોમાં બેસીને મદ્રાસનો માણસ ત્રણ કલાકમાં કાશ્મીર પહોંચશે. બીજી તરફથી આખા જીવનમાં asperantoism—એકસરખાપણું આવતું જશે. વડોદરાના મકાનમાં અને ત્રિવેન્દ્રમના મકાનમાં શો ફરક છે? મદ્રાસની સડકમાં ને વડોદરાની સડકમાં શું અંતર છે? આધુનિક બુશકોટ, પેન્ટ, બાટાના જોડા વગેરેને લઈને પોશાકની ભિન્નતા ઘટતી

જાય છે. આ શું asperanto પોશાક નથી ? આમ સમસ્ત જીવનમાં બહારથી એકતા આવી રહી છે ત્યારે અંદરથી વિભાજનનાં તત્ત્વો પ્રબળ બની રહ્યાં છે.

આનો ઇલાજ શો ? સમિતિઓ નીમવાથી એ ઇલાજ નહીં મળે. National Integration Committeeએ બહુ સારાં સૂચનો કર્યાં છે. એનો અમલ કરવામાં આવે. પણ સમિતિઓ ભલામણો કરતી જાય અને એની કોઈ અસર આપણા ચિત્ત પર ન થાય તો સમિતિ વ્યર્થ સાબિત થશે. એકતાની પ્રેરણા, ચેતના, પ્રબોધ તમારા ને મારા ચિત્તમાં થવો જોઈશે. જો થઈ શકે તો દરેક પ્રાંતમાં પડોશી ભાષાનું શિક્ષણ અનિવાર્ય મનાવું જોઇએ કેમ કે ઝઘડો પડોશી સાથે જ થાય છે. બે વ્યક્તિ બહુ નિકટ આવે ત્યારે જો એમની વચ્ચે સદ્ભાવ હોય તો આલિંગન થાય છે અને સદ્ભાવ ન હોય તો કુસ્તી થાય છે. તેથી પડોશની ભાષાઓ વચ્ચે સંપર્ક ખૂબ વધવો જોઈએ. અને આ સંપર્ક માત્ર સાહિત્યકારોનો જ નહીં પરંતુ સામાન્ય લોકોનો, વિદ્યાર્થીઓનો.

## આશય અને માધ્યમ બંને વ્યાપક બનાવીએ

એ ખેદની વાત છે કે ભાષાકીય આંદોલનોમાં સૌથી વધુ ભાગ યુવાન વિદ્યાર્થીઓએ લીધો છે. મેં એમને પૂછેલું કે "તમે ઇંગ્લાંડ–અમેરિકા નથી જવાના કે ?" તો કહે કે "કેમ નહીં ? એ તો અમારા જીવનની મહત્ત્વાકાંક્ષા છે." "તો ત્યાં જઈને શું ગુજરાતીમાં વાતચીત કરશો ?" "નહીં રતો અમે તો પહેલેથી જ એ વાસ્તે conventમાં જઈએ છીએ." અને conventમાં જઈને ઝઘડો શાનો કરો છો ? તો કે શિક્ષણ માતૃભાષામાં અપાવું જોઈએ. અર્થાત્ અમારા સિવાય બીજા બધાનું ! કેમ કે અમને તો ઈંગ્લાંડ–અમેરિકા જવાનો મોકો મળવો જોઈએ. ભણેલા-ગણેલા માણસનું આ વિચ્છિન્ન વ્યક્તિત્વ—split personality છે.

એ સમજવાની આવશ્યકતા છે કે શિક્ષણનું માધ્યમ જેટલું વ્યાપક હશે, એનું પરિણામ પણ એટલું જ ઉદાત્ત હશે. પરંતુ આજે તો પરિણામ પણ વ્યાપક નથી અને માધ્યમ પણ વ્યાપક નથી. તુલસીદાસ,

જ્ઞાનેશ્વર, નરસિંહ મહેતા વગેરેનું માધ્યમ વ્યાપક નહોતું, પણ એમનો આશય વ્યાપક હતો. પરંતુ આપણા તો આજે માધ્યમ ને આશય બંને સંકીર્ણ છે.

આ દેશના સામ્યવાદી પક્ષ સામે મારી મોટી ફરિયાદ છે. રશિયાનું ઉદાહરણ લઇને એમણે ગમે તે યોજનાનો સ્વીકાર કરી લીધો, એ ભૂલીને કે ભારતવર્ષ રશિયા નથી. એમણે પાકિસ્તાનને સંમતિ આપી દીધી. પાછળથી કહ્યું કે ભૂલ કરી. પરંતુ ભૂલનું જે પરિણામ આવવાનું હતું તે તો આવી જ ગયું. ભાષાવાર રાજ્યરચનાનોય એમણે સ્વીકાર કરી લીધો. પામ દત્તે ૧૯૪૦માં કહ્યું કે ભારતવર્ષ એક રાષ્ટ્ર છે. પછી રશિયાના માણસે લેખ લખ્યો કે આ શી બેવકૂફીની વાત કરી? આ તો બિન–સામ્યવાદી વાત થઈ ગઈ. સામ્યવાદીએ આમ ન કહેવું જોઈએ. તો એણે બીજી આવૃત્તિમાં પોતાની વાત બદલી નાખી. આમ કોઈ સિદ્ધાંત જ નથી જાળવતા.

## મોટી ભૂલ થઈ ગઈ છે

સૌ પ્રથમ અંગ્રેજી સામે વિરોધ ઊઠયો. અંગ્રેજી વિદેશી ભાષા છે, અમારી માતૃભાષામાં શિક્ષણ મળવું જોઈએ, એમ આરંભ થયેલો. કોંગ્રેસે, ગાંધીજીએ, વિનોબાએ, આપણે સૌએ આ વાત ઉપાડી લીધેલી. ગાંધીનાં, વિનોબાનાં, સૌનાં અનુયાયી ભાષાપ્રેમી છે, સ્વભાષાવાદી છે. મને એમ લાગે છે કે ભૂલ થઈ ગઈ છે, અને બધાંની ભૂલ થઈ છે. એને સુધારવાની જરૂર છે. શિક્ષણનું માધ્યમ ગુજરાતી ભલે હોય પણ દરેક ગુજરાતીને મહારાષ્ટ્રના મહાપુરુષોનાં, સંતોનાં, નેતાઓનાં જીવનની ઝાંખી કરાવો, પડોશની પ્રજાની રહેણીકરણીનું જ્ઞાન આપો. શિવાજી મહારાજની મૂર્તિ મુંબઈમાં જોઈને મને આનંદ થયો પણ એ મૂર્તિ મેં જો અમદાવાદમાં જોઈ હોત તો મને અધિક આનંદ થાત. નરસિંહ મહેતાનું એક ભજન તો જાણે ગાંધીને કારણે પ્રસિદ્ધ થઈ ગયું. પણ એનાં ભજનો મહારાષ્ટ્રમાં ઘેરઘેર ગવાતાં હોત તો ઘણો આનંદ થાત. પણ આજે તો રવીન્દ્રનાથ ને સુભાષ બંગાળીઓના થઈ ગયા. ઝાંસીની રાણી મરાઠીઓની અને તેમાંયે કરાડી બ્રાહ્મણોની થઈ ગઈ. આ તો Tailors & Outfittersની

જાણે દુકાનો નીકળી છે! દેશની સંસ્કૃતિને, રાષ્ટ્રીય મહાપુરુષોને આપણે પોતપોતાના માપના બનાવી મૂકીએ છીએ!

## થોડાં સૂચનો

તેથી કહું છું કે જુદી જુદી ભાષાના લોકો વચ્ચે સંપર્ક વધારો, પરસ્પરની બને એટલી વધુ ભાષા શીખો. લોકો કહે છે કે બાળકો પર ચાર ચાર ભાષા શીખવાનો બોજો શીદને નાખો છો? હવે આમને શું કહું? સ્વિટ્ઝરલૅન્ડનો છોકરો ત્રણ ત્રણ ભાષાઓ બોલે છે અને સમજે છે. મારા પિતાજી સરકારી નોકર હતા એટલે એમની બદલી એક પ્રાંતથી બીજા પ્રાંતમાં થયા કરતી. આને કારણે અમે ત્રણ-ચાર ભાષા આસાનીથી બોલતા ને સમજતા. તમારી વચ્ચે બેઠો હોઉં તો ગુજરાતી સમજી લઉં છું, બંગાળી વચ્ચે બેઠો હોઉં ત્યારે બંગાળી સમજી લઉં છું. મને ક્યારેય એમ નથી લાગ્યું કે મારા દિમાગ પર બોજો પડે છે. ઊલટાની મને તો એનાથી ખુશી થાય છે. અને નાનાં બાળકોને તો આનાથી ખૂબ જ આનંદ થાય. તેઓ ફુલાઈને કહેતા હોય છે કે અમે ગુજરાતી, હિંદી, બંગાળી બોલી શકીએ છીએ, સમજી શકીએ. હવે હું એમને શું એમ કહું કે થોભી જા, થોભી જા, તારા માથા પર બહુ બોજો થઈ જશે? મતલબ કે જેટલો ભિન્નભાષીઓનો પરસ્પર સંપર્ક વધશે એટલું ભાષાનું જ્ઞાન પણ વધશે. સંપર્ક વિના જ્ઞાન સજીવન નહીં થાય, અને એનો બોજો રહેશે. માટે ભિન્નભાષીઓનો સંપર્ક વધવો જોઈએ. નારાયણની પત્નીની ભાષા ઓડિયા છે, એની પોતાની ભાષા ગુજરાતી છે અને એનાં સંતાન આંતરપ્રાંતીય છે. એમની કઈ ભાષા છે? મેં જોયું કે નવબાબુ સાથે કે ઓરિસ્સાના લોકો સાથે ઓડિયામાં વાત કરે છે, ઘરમાં ગુજરાતીમાં અને મારી સાથે હિંદીમાં બોલે છે. મને તો એમાં ક્યાંય બોજો નથી જણાયો. પુસ્તકો મારફત ભાષા શીખવા જતાં તેનો બોજ લાગશે પરંતુ જેમ જેમ પરસ્પરનો સંપર્ક વધશે તેમ તેમ પરસ્પરની ભાષાનું જ્ઞાન પણ સરળતાથી વધતું જશે. બાળકોને તો ભિન્ન ભિન્ન ભાષા સમજતાં ખુશી જ થાય છે. માટે મારું પહેલું સૂચન એ છે કે ભિન્ન ભિન્ન ભાષીઓ વચ્ચેનો સંપર્ક વધવો જોઈએ.

મારું બીજું સૂચન એ છે કે દરેક પ્રાંતની નોકરીમાં અન્ય પ્રાંતોના

અમુક ટકા લોકો હોવા જ જોઈએ અને પડોશના પ્રાંતના તો અવશ્ય હોય. દરેક કૉલેજમાં કેટલાક પ્રાધ્યાપકો બીજા પ્રાંતોના હોવા જોઈએ. દરેક યુનિવર્સિટીમાં બીજા પ્રાંતોના વિદ્યાર્થીઓ માટે અમુક જગ્યા અનામત રહેવી જોઈએ. આની આજે બહુ આવશ્યકતા છે.

ત્રીજું સૂચન એ છે કે આખાયે દેશમાં ઉચ્ચ શિક્ષણ અખિલ ભારતીય ભાષામાં જ અપાવું જોઈએ. આનો સ્વીકાર થાય ન થાય હું તમારી સામે નમ્રતાથી કહું છું કે કેટલાક હિંદીને અખિલ ભારતીય નથી માનતા, કેમ કે એ મારા ભાઈની ભાષા છે! અખિલ ભારતીય ભાષા એ જ હોઈ શકે જે કોઈ એક પ્રદેશની ભાષા ન હોય! આ ભાષા અખિલ ભારતીય ભાષા ન થઈ શકે. કેમ? તો કે હિંદીવાળાઓને એ આવડે છે. એમને આવડે છે એ જાણે એમનો અપરાધ થઈ ગયો. આ દુઃખદ પરિસ્થિતિ છે, પરંતુ હિંદી ન સ્વીકારી શકો તો અંગ્રેજી સ્વીકારો, પણ ઉચ્ચ શિક્ષણ અખિલ ભારતીય ભાષામાં જ અપાવું જોઈએ.

### લિપિ અને ભાષાને સંપ્રદાય સાથે ન જોડાય

અત્યારે આટલું નહીં થાય તો આ દેશમાં અખિલ ભારતીય જીવન લગભગ અશક્ય બની જશે. માસ્તર તારાસિંઘે કહ્યું કે હું શીખો માટે અલગ રાજ્ય નથી માગતો, પંજાબીભાષી સુબાની વાત કરું છું. અને પંજાબી ભાષાનો સંબંધ ગુરુમુખી લિપિ સાથે જોડે છે. આપણા દેશમાં માત્ર ભાષાનો જ નહીં, લિપિનોય વાદ છે. આપણા જેવા પરાક્રમી દુનિયામાં બીજા કોઈ નથી. ઉર્દૂ લિપિ વિશે વિવાદ છે. કઈ ચીજનો વાદ નથી? ઉર્દૂ શબ્દ તો દરેક ભાષામાં આવે છે. ગુજરાતી, મરાઠી, બંગાળીમાં ઉર્દૂ શબ્દ નથી આવતા કે? કાકા સાહેબે કહ્યું કે બે લિપિઓ ચાલવા દો. મેં પહેલેથી જ એનો વિરોધ કરેલો; કેમ કે લિપિને કોઈ સંપ્રદાય સાથે જોડી દેવી ન જોઈએ. આપણા દેશમાં પારસીઓનો અલગ ધર્મ છે, પરંતુ પારસીઓની થોડી જ કોઈ લિપિ કે ભાષા છે? ભગવાનનું નામ શું કોઈ પણ ભાષામાં ન લઈ શકાય? આ દેશમાં ભાષા સંપ્રદાય સાથે જોડાયેલી હોવાથી અહીં કેવળ ભાષાવાદી રાજ્યો જ નહીં, સાંપ્રદાયિક રાજ્યો પણ છે. એને કારણે જ એક બંગાળનાં બે બંગાળ તથા એક પંજાબનાં બે પંજાબ થયાં. ભાષા તો

એક જ હતી. અહીં જો કોઈ તરુણ સુબુદ્ધ મુસલમાન હોય તો એનાં ચરણોમાં મારું નિવેદન છે કે શું ઇંગ્લાંડનો મુસલમાન ઉર્દૂ, અરબી કે ફારસીમાં બોલવાનો છે ? આ દેશનું એ દુર્ભાગ્ય છે કે અહીંની સંસ્કૃતિ, ઇતિહાસ, ભાષા, લિપિ બધું સંપ્રદાય સાથે ચાલે છે. આજે અહીં ગમે તેટલી મુસ્લિમ પરિષદ ભરો પરંતુ નમ્રતાપૂર્વક મારે કહેવું છે કે એક દિવસ તમારે વિચારવું પડશે કે ભાષાનો કોઈ સંબંધ સંપ્રદાય સાથે ક્યારેય નહીં હોય અને એનો આરંભ આ દેશના મુસલમાનોએ કરવો પડશે.

## જાતિવાદનો અંત લાવવો પડશે

બીજી વાત આ દેશના લોકોએ વિચારવાની છે તે જાતિ સંસ્થાની. રાષ્ટ્રીય એકતા અંગે વિચારીએ છીએ એટલે આ જાતિવાદના એને અનુરૂપ એક જ પાસા વિશે પ્રકાશ પાડીશ. ડૉક્ટર આંબેડકર અને એમના સાથી બૌદ્ધ બની ગયા. ડૉ. આંબેડકર કોણ હતા ? કોઈ સામાન્ય માણસ તો નહોતા. આપણા દેશના બંધારણના ઘડવૈયાઓમાંના એક હતા. જે બંધારણમાં આપણે કહ્યું છે કે આ દેશમાં કોઈ અસ્પૃશ્ય નથી, જે કોઈ માણસ બીજાને અસ્પૃશ્ય માનશે તે અપરાધી છે. બંધારણમાં તો આટલે સુધીની બાંહેધરી અપાઈ છે. પરંતુ સામાજિક જીવનમાં ડૉક્ટર આંબેડકરને એવો અનુભવ થયો કે હું તો ક્યાંયનો નથી. તો તેઓ હિંદુ મટી શું બન્યા ? કેટલોક વખત વાત ઊડી કે તેઓ શીખ ધર્મ અંગીકાર કરવાના છે. તો શીખોએ ગ્રંથસાહેબ નાગરી લિપિમાં છાપ્યો. પરંતુ જ્યારે બંધારણમાં એ સવાલ આવ્યો કે અસ્પૃશ્યો માટે કેટલીક જગ્યાઓ અલાયદી રખાવી જોઇએ, ત્યારે શીખો ઊભા થઈ ગયા કે શીખ અસ્પૃશ્યો માટે પણ જગ્યા જોઈએ. સરદાર તો આ સાંભળીને અવાક્ થઈ ગયા. આંબેડકર પણ દંગ થઈ ગયા. એમને તો એમ કે શીખોમાં અસ્પૃશ્યતા છે જ નહીં. હવે ક્યાં જવું ? જૈનોમાં ભેદ છે જ. ખ્રિસ્તીઓમાં પણ કાળા-ગોરાના ભેદ છે. મુસલમાન બને તો ભારતબાહ્યનિષ્ઠાનો દોષ આવે. તો ધર્મપરિવર્તન સિવાય જાતિપરિવર્તન નથી થઈ શકતું. જાત્યંતરનો એક જ ઉપાય છે— ધર્માંતર. તેથી આ દેશમાં જેટલાં ધર્માંતર થયાં છે એનું કારણ હિંદુ

સમાજની જાતિસંસ્થા છે. મુસલમાનોના સંપ્રદાયવાદનો જનક હિંદુઓનો આ જાતિવાદ છે. અને એ સંપ્રદાયવાદ કોઈ એની વિરુદ્ધના હિંદુ સંગઠનથી કે લાઠી-લેજીમથી દૂર નહીં થઈ શકે. એને દૂર કરવાનો એકમાત્ર ઉપાય એ છે કે આ દેશમાં હિંદુઓની જાતિસંસ્થાનો અંત આવે. એ સિવાય એનો બીજો કોઈ ઉપાય નથી.

**નવાં પાકિસ્તાનો માટે અનુકૂળતા ઊભી કરી આપવી છે કે ?**

જબલપુરમાં કેટલાક હિંદુઓ કહેતા હતા કે આ મુસલમાનો ઘણા ઉદ્દંડ બની ગયેલા, એમને થોડો મેથીપાક મળ્યો તે સારું જ થયું. એમને તો જબલપુરમાં રહેવું ભારે કરી નાખીશું ઠીક છે. મુસલમાનોના મહોલ્લામાં ગયો તો તેઓ બિચારા અત્યંત દુઃખી હતા, હેરાન પરેશાન હતા. તેઓ કહેવા લાગ્યા કે અહીં નહીં રહેવા દે તો અમે જ્યાં મુસલમાનો મોટી સંખ્યામાં છે ત્યાં જઈને રહીશું. આનું પરિણામ શું આવશે ? ફરી દેશમાં એવા પ્રદેશો ઊભા થશે, જ્યાં મુસલમાનો ઘણી મોટી સંખ્યામાં હોય. અને પછી તેઓ પોતાના અલગ પાકિસ્તાનની માગણી કરશે.

આનો ઉપાય શો ? મુસલમાનોને મારી દરખાસ્ત છે કે તમારે હંમેશ માટે સંકલ્પ કરવો જોઈએ કે સંસ્કૃતિ અને ભાષાનો સંપ્રદાય સાથે કોઈ સંબંધ નથી. હિંદુઓએ સંકલ્પ કરી લેવો જોઈએ કે જ્યાં સુધી અસ્પૃશ્યતા અને જાતિભેદ છે ત્યાં સુધી ધર્માંતર થતું રહેશે. અને જ્યાં ધર્માંતર થતું રહેશે ત્યાં સુધી આ સમસ્યાનો કોઈ ઉકેલ તમારી પાસે નથી.

આમ એકીકરણનાં મૂળ ઘણાં ઊંડા હોય છે. તેથી આ બધી બાબતોનો ગંભીરતાપૂર્વક વિચાર કરવો જોઈએ. પણ એ કરે કોણ ? આજે તો દરેકને પોતાના પક્ષને સંગઠિત કરવાની ફિકર છે, પોતાના રાષ્ટ્રને સંગઠિત કરવાની નહીં. દરેક પક્ષે પોતાને જ રાષ્ટ્ર માની લીધું છે. તો એવી જ રીતે દરેક ભાષા એમ માનશે કે હું જ રાષ્ટ્ર છું, દરેક સંપ્રદાય એમ માનશે કે હું જ રાષ્ટ્ર છું. કોંગ્રેસના આંધ્રના પક્ષનું એક રાષ્ટ્ર છે, કેમ કે એ એમ કહે છે કે કૃષ્ણા–ગોદાવરીનું પાણી અમારું છે. આ બાજુ ચવાણ કહે છે કે એ અમારું છે. કોંગ્રેસ કહે છે કે બંનેનું છે.

બંને વચ્ચે કુસ્તી થઈ રહી છે. હૃદયથી હૃદય બાથડી રહ્યાં છે. આવી રીતે કોઈ સમસ્યા ઊકલવાની નથી. તેથી મેં જાણી જોઇને કઠોર શબ્દોમાં અને વિદારક બુદ્ધિથી આ સમસ્યાનું વિશ્લેષણ કર્યું છે. આપણે આજે હવે જાગી જવું જોઇએ. ઓછામાં ઓછું સાધારણ નાગરિકે.

## એમના ખાનદાનની વૃદ્ધિ થાઓ

આજે રાષ્ટ્રીય વ્યાસપીઠ માત્ર વિનોબા ને એમના સાથીઓની રહી છે. આજે પણ તેઓ જ્યાં જાય છે ત્યાં લોકો એમ માને છે કે તેઓ કોઈ પક્ષના કે પ્રાંતના નથી. પક્ષીય નેતાઓમાંથી તો રાષ્ટ્રીય વ્યક્તિત્વવાળી માત્ર બે જ વ્યક્તિ રહી છે–જવાહરલાલ અને કૃપલાણી, જેમને વિશે કોઈ એમ નહીં કહી શકે કે એમની કોઇ ભાષા છે અને એમનો કોઈ પ્રાંત છે. ગાંધી પણ અત્યારે જો દુર્ભાગ્યથી જીવતો હોત અને ક્યારેક એના મોંએથી એમ નીકળી જાત કે મુંબઈનું સ્વતંત્ર રાજ્ય બનાવો તો મહારાષ્ટ્રવાળા કહેત કે ગાંધી આખરે તો ગુજરાતી ખરો ને ! વિનોબા આખરે તો મરાઠી જ ને—એમ કહેવામાં ગુજરાતીઓ અચકાયા નથી. તો પક્ષીય નેતાઓમાંથી માત્ર બે જ એવા છે જેમનો કોઈ પ્રાંત નથી, કોઈ ભાષા નથી. શું તમે ભગવાનને એવી પ્રાર્થના કરશો કે એમના ખાનદાનની વૃદ્ધિ થાય ? પોતાને અખિલ ભારતીય નાગરિક માનનારાઓની સંખ્યા વધે, એની આજે અત્યંત આવશ્યકતા છે. अनेन प्रसविष्यध्वमेष वोऽस्त्विष्टकामधुक्—આ યજ્ઞ કરતા રહીને તમે વૃદ્ધિને પામો અને એ યજ્ઞ તમને કામધેનુની પેઠે ઇષ્ટ ફળને આપનારો થાઓ. તમારે અભિવૃદ્ધિ જ કરવી હોય તો એવી કોશિશ ન કરશો કે વસ્તીગણતરીમાં આસામીઓની, મુસલમાનોની, બ્રાહ્મણની સંખ્યા વધે. કોશિશ કરવી હોય તો એવી કરજો કે આવતી વસ્તીગણતરીમાં જવાહરલાલ અને કૃપલાણીની સંખ્યા વધે. આજે એની આવશ્યકતા છે. મહારાષ્ટ્રની, ગુજરાતની, આસામની, બંગાળની વિદ્યાપીઠોમાંથી શું આવા વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો બહાર આવશે કે ?

વળી અખિલ ભારતીય વ્યાસપીઠ કેવળ વિનોબાની જ હોય એ અમારે માટે ગૌરવનો વિષય નથી, બલ્કે દુર્ભાગ્યની વાત છે. એવી

અનેક અખિલ ભારતીય વ્યાસપીઠ હોવી જરૂર છે. એમ તો અખિલ ભારતીય મુસલમાન પરિષદ, અખિલ ભારતીય રામરાજ્ય પરિષદ મોજૂદ છે. અખિલ ભારતીય બ્રાહ્મણ સભા અને ક્ષત્રિય સભા પણ અસ્તિત્વ ધરાવે છે. પરંતુ તે બધી અખિલ ભારતીય સભા નથી. અખિલ ભારતીયતા માટે તો ભૂમિકા સર્વવ્યાપક હોવી જોઈએ. એમાં સંખ્યા ભલે ઓછી હોય પણ ભૂમિકા સર્વવ્યાપક હોય. આ પ્રકારની અખિલ ભારતીય સંસ્થાઓની આ દેશને આજે ખૂબ જરૂર છે.

ભાષિક રાજ્ય અને ભાષા-પ્રેમમાં શું અંતર છે? ભાષાવાદ કોને કહે છે? ભાષાનો પ્રેમ કોને કહે છે? ભાષાનો રાષ્ટ્ર સાથે શો સંબંધ છે? બીજાં રાષ્ટ્રોએ આ સમસ્યા કેવી રીતે ઉકેલી છે? સ્વિટ્ઝરલૅન્ડમાં શું, અમેરિકામાં શું, ગ્રેટ બ્રિટનમાં શું, રશિયામાં શું થયું છે? —આ બધી બાબતો મેં છોડી દીધી છે, કેમ કે આ બધું એક જ ભાષણમાં ન આવી શકે. રાષ્ટ્રીય એકતાની ભૂમિકાનું વિવેચન મેં માત્ર ભાષાવાદ એટલે કે ભાષિક રાજ્યવાદ અને સાંપ્રદાયિક રાજ્યવાદની ભૂમિકાથી કર્યું છે. ભાષિક રાજ્યવાદ શું છે? ભાષિક રાજ્યવાદમાંથી બહુરાજ્યવાદનો જન્મ કેમ થયો? સાંપ્રદાયિક રાજ્યવાદ શું છે? સાંપ્રદાયિક રાજ્યવાદમાંથી દ્વિરાષ્ટ્રવાદ કેમ આવ્યો?—આ બધી બાબતોનો થોડો સંકેત મેં કર્યો છે. સંકેત બાદ જે વસ્તુસ્થિતિ છે, જેનો આજે સ્વીકાર કરવો પડે છે, એની તીવ્રતા ઓછી કરવા સારુ રાષ્ટ્રીય એકતા તરફ ડગ માંડવા માટે કયા ઉપાય હોઈ શકે એનોય થોડોક નિર્દેશ કર્યો છે. બે શબ્દ વધુ બોલાઈ ગયા હોય તો કૃપા કરીને કાઢી નાખજો, અને ઓછા બોલાયા હોય તો એની પૂર્તિ કરી દેજો.

## રાષ્ટ્રીયતાની ભાવનાનું બીજારોપણ કરીએ

તમારી સમક્ષ આ વિવેચન ઔપચારિક દૃષ્ટિએ નહીં પણ સહૃદયતા-પૂર્વક કર્યું છે. ઘનિષ્ઠ મિત્રો વચ્ચે જેમ heart to heart—દિલપૂર્વક વાત થાય છે તેમ મારું દિલ તમારી સમક્ષ રાખી દીધું. મિત્રો, દેશનું રક્ષણ સેના દ્વારા નહીં પણ નાગરિકની નિષ્ઠાથી થાય છે. જો નાગરિકોના હૃદયમાં નિષ્ઠા ન હોય તો કોઈ સેના એનું સંરક્ષણ ન કરી શકે. જે પ્રદેશમાં આજે ચીન પ્રવેશ કરી રહ્યું છે, તે પ્રદેશમાં રહેનારા લોકો

ભારતવર્ષનું નામેય નથી જાણતા, એ વાતની શું તમને ખબર છે? નાગા લોકો ભારતને નથી ઓળખતા, Indiaને ઓળખે છે, જે શબ્દ એમને ખ્રિસ્તી મિશનરીઓએ શીખવ્યો છે. દેશની સરહદ પર રહેનારાઓના ચિત્તમાં તમારી સાથે કોઈ એકતાની ભાવના નથી. આજે એ અવસર છે કે ફરી રાષ્ટ્રીયતાની ભાવનાનું બીજારોપણ કરીએ, એનું સંવર્ધન કરીએ, પરિપોષણ કરીએ અને આખરે ફૂલી-ફાલેલી જોઈએ. મને ખબર નથી કે અમારી પેઢીને આ સદ્‌ભાગ્ય પ્રાપ્ત થશે કે નહીં. યુવાનોના ચરણોમાં મારું નિવેદન છે કે તમારું ભારતવર્ષ એવું ભારતવર્ષ હોવું જોઈએ, જેમાં નાગરિકોની દુર્દમ્ય નિષ્ઠા અને અદમ્ય દેશપ્રેમને કારણે દુનિયાભરના કોઈ રાષ્ટ્ર કે ગમે તેવી મોટી શસ્ત્રધારી જમાતની તાકાત નથી કે એની તરફ આંખ ઊંચી કરીને જોઈ શકે.

વડોદરા, ૧૨-૭-૬૧ —દાદા ધર્માધિકારી

★

# ભારતીય એકાત્મતા

હમણાં દિલ્હીમાં એક મહત્ત્વની પરિષદ મળી હતી. ભારતની એકતા કેમ મજબૂત બને, એ આ પરિષદનો વિષય હતો.

કન્યાકુમારીથી કાશ્મીર અને દ્વારકાથી કામરૂપ સુધીનો સમસ્ત પ્રદેશ પ્રાચીનકાળથી એક રાષ્ટ્ર જ મનાતો આવ્યો છે. કેટલાક લોકોને એમ છે કે અંગ્રેજોના આગમન બાદ આપણું એક રાષ્ટ્ર બન્યું. પણ વસ્તુસ્થિતિ તદ્દન ઊલટી છે. પુરાતન કાળથી ભરતખંડ અસ્તિત્વમાં છે. રેલવે કે બીજા વાહનવ્યવહાર કે સંપર્કનાં અદ્યતન સાધનોય નહોતાં ત્યારે પણ અહીંના રહેવાસીઓ ભારતનું નામ લેતા, અલગ અલગ પ્રાંતનું નામ નહોતા લેતા.

## ભારતીય એકતા પ્રાચીનકાળથી સર્વમાન્ય છે

પાંચસો વર્ષ પહેલાં ગુજરાતના નરસિંહ મહેતાએ ગાયું, “ભરતખંડ ભૂતળમાં જન્મી જેણે ગોવિંદના ગુણ ગાયા રે!” આવા જ શબ્દો માધવદેવ અને શંકરદેવના પણ છે. તો ન નરસૈયાએ ગુજરાતનો મહિમા ગાયો કે ન શંકરદેવે આસામનો. બંને એક જ શતકમાં થઈ ગયા, છતાં એમને એકમેક વિશે કશી માહિતી પણ નહોતી. અને તોયે ભારત અમારી પુણ્યભૂમિ છે અને એમાં જન્મ પામીને અમે ધન્ય થયા છીએ, એમ તેઓ બંને અનુભવતા અને લખતા. આમ પ્રાચીનકાળથી ભારતની એકતા સર્વમાન્ય છે.

વાહનવ્યવહારનાં અદ્યતન સાધનો નહોતાં ત્યારે પણ પદયાત્રા કરી-કરીને સંતપુરુષોએ આ દેશને એક બનાવ્યો છે. શંકરાચાર્ય ૧૫ વર્ષ ઘૂમ્યા, રામાનુજ ૧૨–૧૪ વર્ષ, વલ્લભાચાર્ય ૧૮ વર્ષ, શંકરદેવ ૧૨ વર્ષ,નામદેવ ૧૩–૧૪ વર્ષ, નાનક ૧૮–૨૦ વર્ષ અને કબીર ૨૫–૩૦ વર્ષ ફર્યા. આ બધો ભારતનો ઇતિહાસ છે. આને કારણે ભારત એક બન્યું છે.

મેદીનીપુર જિલ્લાથી જગન્નાથપુરી હું જે રસ્તે ગયેલો તેને અહિલ્યાદેવી રસ્તો કહે છે. હવે અહિલ્યાદેવી હતી ઈન્દોર રાજ્યની રાણી. એને ન તો બિહાર સાથે સંબંધ હતો, ન તો બંગાળ સાથે, ન ઓરિસ્સા સાથે. છતાં એણે વૈદ્યનાથધામથી પુરી સુધીનો રસ્તો બનાવડાવ્યો અને એનો ખર્ચ પોતાના અંગત પૈસામાંથી આપ્યો. જગન્નાથ સારુ એનાં મનમાં આદર હતો. એને એમ ન થયું કે જગન્નાથનું મંદિર તો ઓરિસ્સાનું છે. બલ્કે એ સમસ્ત ભારતનું છે એ જ ભાવના હતી.

તમે 'કીર્તન-ઘોષા' વાંચ્યું છે. એમાં ભગવાનના નિર્વાણનુંયે વર્ણન આવી ગયું છે. એથી આગળ લખવાનું કે કહેવાનું કાંઈ રહેતું નથી. ત્યાં જ એ પુસ્તક પૂરું થવું જોઈતું હતું. પરંતુ શંકરદેવે 'ઓરેષા' નામે છેલ્લું પ્રકરણ લખ્યું છે. 'ઓરેષા' અર્થાત્ ઓરિસ્સા. એમાં પુરી ક્ષેત્રનો મહિમા ગાયો છે.

## દર વર્ષે રાષ્ટ્રીય એકીકરણ પરિષદો

એ જગન્નાથ Meeting Ground—મિલન-સ્થળ હતું. ચારે બાજુથી ત્યાં સત્પુરુષો આવતા અને દર વર્ષે 'રાષ્ટ્રીય એકીકરણ પરિષદ' ત્યાં થતી હશે. હમણાં દિલ્હીમાં જે પરિષદ થઈ તે તો અત્યારે દેશમાં સંકટ જોયું એટલે થઈ. પહેલાં ગાંધીજીના જમાનામાં દર વરસે કોંગ્રેસનાં અધિવેશનો 'રાષ્ટ્રીય એકીકરણ પરિષદ' જેવાં જ થતાં. અને ગાંધીજી ઇચ્છતા હતા કે આઝાદી પછી પણ કોંગ્રેસ 'રાષ્ટ્રીય એકીકરણ'નું જ કામ કરે. તેથી સ્તો એમણે 'લોકસેવક સંઘ'માં કોંગ્રેસનું રૂપાંતર કરવાની સલાહ આપી હતી. પરંતુ દેશના રાજકીય નેતાઓને થયું કે કોંગ્રેસ રાજકીય સત્તા નહીં સ્વીકારે તો ખતરો છે. તેથી કોંગ્રેસ એક રાજકીય પાર્ટી—પક્ષ જ બની. 'પાર્ટી' એટલે પાર્ટ—એક ભાગ. તેથી હવે કોંગ્રેસનું અધિવેશન થાય ત્યારે તે 'રાષ્ટ્રીય એકીકરણ પરિષદ' નથી બનતું. જ્યારે બધા પક્ષોવાળા એકઠા થાય ત્યારે તે 'રાષ્ટ્રીય એકીકરણ પરિષદ' બને. આવી પરિષદ હમણાં દિલ્હીમાં મળી. દેશની આજની વિશેષ પરિસ્થિતિમાં એમ કરવું પડયું. આવી પરિષદ મળી તે સારું જ થયું. એમાં જે સારા નિર્ણયો લેવાયા એનાથી ઘણો લાભ થશે. ગાંધીજીના ગયા

બાદ ૧૩ વર્ષે આવી પહેલી જ પરિષદ થઈ. પરંતુ જગન્નાથમાં દર વરસે આવી પરિષદ થતી. મથુરા અને વૃંદાવનમાંયે થતી.

વૃંદાવનનાં ગીત આખાયે ભારતમાં ગવાતાં. તમારો શંકરદેવ વૃંદાવન પાછળ પાગલ હતો. એક વાર તો એણે ૧૨ વર્ષની ભારતયાત્રા પૂરી કરેલી. એ બીજી વાર યાત્રાએ નીકળ્યો ત્યારે એની પત્નીએ એના શિષ્યના કાનમાં કહ્યું કે એને જગન્નાથપુરી સુધી લઈ જઈને પાછો લાવજે, નહીં તો એ ભલો માણુસ જો વૃંદાવન જશે તો ત્યાંથી પાછો ફરશે જ નહીં. આટલો પ્રેમ આખા ભારતમાં વૃંદાવન માટે હતો. હમણાં દક્ષિણમાં મદુરામાં કોંગ્રેસનું જે અધિવેશન ભરાઈ રહ્યું છે તે મદુરા એટલે મથુરા જ. પહેલાં મધુરા નામ હતું. એનું હિંદી અપભ્રંશ મથુરા થઈ ગયું અને એના સ્મરણમાં જ મદુરા નામે મોટું શહેર દક્ષિણમાં વસ્યું. અહીં કાશી છે તો ત્યાં દક્ષિણ કાશી છે. અહીં મથુરા છે તો ત્યાં મદુરા છે. આટલું અખિલ ભારતીય એકાત્મતાનું કામ આપણા પૂર્વજોએ કર્યું છે.

### વિવિધ વિકસિત ભાષાઓની સમૃદ્ધિ

હમણાં આસામી શીખી રહ્યો છું તો કોઈ નવી ભાષા શીખું છું એવો ભાસ નથી થતો. એ ઠીક છે કે ૨૦૦–૩૦૦ નવા શબ્દો જાણવા પડે છે. જો કે ‘ નામ-ઘોષા ’ વાંચું છું તો એમાં માત્ર ૩૦–૪૦ શબ્દ જ એવા છે જે હું નથી જાણતો. આટલી એકતા હતી અને છતાંયે ૧૪–૧૫ વિકસિત ભાષા આ દેશમાં ચાલે છે. એ બધી ભાષા પ્રાચીનકાળથી સમૃદ્ધ છે. ઉત્તરની ભાષાઓ એક હજાર વર્ષ જૂની છે અને દક્ષિણની બે હજાર વર્ષ. આટલી વિકસિત ભાષાઓ એક જ રાષ્ટ્રમાં હોય એવું કોઈ બીજું ઉદાહરણ તમને નહીં મળે. રશિયામાં એક જ ભાષા છે, ચીનમાં એક જ ભાષા છે. એમાં ક્યાંક ક્યાંક પ્રાંતીય ભેદો છે, જેમ કે શિવસાગર અને કામરૂપની આસામી ભાષામાં ભિન્નતા છે. બાકી એક રાષ્ટ્રમાં એક જ ભાષા છે. તેથી સ્વાભાવિક રીતે જ ત્યાં કોઈ ભાષા-સમસ્યા છે જ નહીં.

યુરોપમાં વિકસિત ભાષાઓ છે તો ત્યાં Tribalism— ટોળકી-શાઈ છે. એક એક ભાષાના અલગ અલગ રાષ્ટ્ર બન્યાં છે. ફ્રાંસ

અને જર્મની બે અલગ રાષ્ટ્ર છે. બંનેમાં ધર્મ એક છે, બંનેની લિપિ પણ એક છે, બંનેની ભાષા એટલી નજીક છે કે પંદર દિવસમાં એકમેકની ભાષા શીખી શકાય છે. એવી જ રીતે અંગ્રેજી જાણનારને ફ્રેન્ચ ૧૫ દિવસમાં આવડી શકે છે.

## ઘરમાં તો વાસણ ખખડેયે ખરાં !

આવી સ્થિતિ છે છતાંયે ફ્રાંસ અને જર્મની વચ્ચે કોઈ પહાડ નથી એનું એમને દુઃખ છે. પછી એકે બનાવી 'સિગફ્રીડ લાઈન' અને બીજાએ 'મેજિનો લાઈન,' કે જેથી એક દેશમાંથી બીજામાં કોઈ વગર પરવાનગીએ જઈ ન શકે. ફ્રાંસના બે જિલ્લા પર જર્મની કબજો કરવા માગતું હતું, તેમાંથી બંને વચ્ચે યુદ્ધ થયું તો તે 'આંતરરાષ્ટ્રીય યુદ્ધ' કહેવાયું. એ આંતરવિગ્રહ નહીં પણ આંતરરાષ્ટ્રીય વિગ્રહ કહેવાશે. આટલો ફરક છે.

જ્યારે અહીં આસામ અને બંગાળ વચ્ચે ઝઘડો થયો તો બધાને થયું કે ખોટું થયું. અને તે પણ આંતરવિગ્રહ મનાશે, આંતરરાષ્ટ્રીય યુદ્ધ નહીં. ઈસ્ટ ઈન્ડીઆ કંપની ભારતમાં આવી ત્યારે રજપૂતો અને મરાઠાઓ વચ્ચે લડાઈ ચાલતી હતી. કંપનીએ ઇતિહાસમાં લખ્યું કે હિંદુસ્તાનમાં તે વખતે આંતરવિગ્રહો ચાલતા હતા. ભારત એક રાષ્ટ્ર જ મનાયો છે, એનો આ પુરાવો છે. આ આપણા દેશનું ગૌરવ છે. ૧૫ વિકસિત ભાષાઓ એકત્ર રહેતી હોય, તેઓ વચ્ચે ક્યારેક ઝઘડો થાય એમાં શી નવાઈ? ઝઘડો થયો અને શમ્યો, હવે શું? આસામના છ જિલ્લાઓમાં ફરીને આવ્યો તો બધી જગ્યાએ પ્રેમ ને શાંતિ છે. આ ભારતના હૃદયમાં ભરેલી ચીજ છે, આપણા દેશની એ ખાસિયત છે.

## કલહની કાળી મેશ સાફ કરી નાખીએ

આસામ આવતો હતો ત્યારે એક વિદેશી ભાઈ કહેતા હતા કે તમારા દેશમાં ભાષાને કારણે ઝઘડા થાય છે એ બહુ હીન વાત છે. મેં કહ્યું, ભાઈ એમાં તો ગૌરવ છે. તેમ લોકોએ તો ભાષાને નામે અલગ અલગ રાષ્ટ્ર જ ઊભાં કરી દીધાં છે. ઘણી વાર હું કહું છું કે યુરોપનો નકશો જોવો હોય તો ફ્રાનસનો કાચ નીચે નાંખો. એના ટુકડે ટુકડા થઈ

જશે—એ છે યુરોપનો નકશો અને આપણો તો ગોળ કાચ છે. એના ટુકડા નથી થયા. ક્યાંક જરા કાળી કાળી મેશ લાગી ગઈ છે. પરંતુ કપડું લઇને સાફ કરી દઈશું એટલે થયું.

મારું એમ કહેવું નથી કે પ્રાંત–પ્રાંત વચ્ચે ઝઘડો કરવો યોગ્ય છે. એ ખોટું જ છે. પણ મનુ મહારાજનું એક વાક્ય છે : नात्मानमवसादयेत्— પોતાના આત્માને નીચ ન માનવો જોઇએ. પહેલાં કંઈક ભૂલ કરી તેથી પોતાને નીચ ન માનો. એવો નિશ્ચય કરી લો કે હવે પછી આવી ભૂલ નહીં કરું, એટલે બસ પત્યું.

## વિવિધતાનો વૈભવ

ભારતમાં વિવિધ ભાષાઓ છે એટલું જ નહીં, વિવિધ ધર્મો પણ છે. અહીં પરમેશ્વરનું ચિંતન બહુ થયું છે. હિંદુસ્તાનના લોકોને ઈશ્વર સારુ એક નશો જ છે. ચીનના બહુ મોટા લેખક લિન યુ ટાંગે લખ્યું છે, India is a God–intoxicated land. આ તો હું અહીં પણ જોઉં છું. નાની નાની બાળકીઓ પણ 'નામઘોષા' ગાય છે. નાનાં નાનાં ગામોમાં પણ લોકો ભક્તિને નામે ગાય છે, નાચે છે, કીર્તન કરે છે અને પોતાનું દુઃખ વીસરી જાય છે. રવીન્દ્રનાથે એક જગ્યાએ લખ્યું છે કે "યુરોપનો મજૂર દિવસભરનો થાક ઉતારવા રાતે શરાબ પીએ છે, જ્યારે હિંદુસ્તાનનો મજૂર થાકી જાય છે ત્યારે સાંજે ભજન કરે છે." બંનેમાં આટલો ફરક છે. રવીન્દ્રનાથે આ જે કહ્યું તે રાષ્ટ્રીય અભિમાનને કારણે નહીં. વ્યર્થ અભિમાનની વાત એમણે કયારેય નથી કરી. તેઓ વિશ્વવ્યાપક કલ્પનાના કવિવર હતા.

મતલબ કે આ દેશમાં ભક્તિભાવ છે અને પરમેશ્વરનું નામ અહીં અનેક રીતે લેવાય છે. એક જ હિંદુ ધર્મમાં પણ અનેક સાધના અને અનેક પ્રકારની ઉપાસના છે. અનેક ધર્મો અહીં એકસાથે રહે છે. કોઈ કહે છે ઘૂંટણિયે પડીને ઉપાસના કરો, કોઈ કહે છે મીણબત્તી જલાવીને ઉપાસના કરો. 'ચર્ચ' માટે હિંદીમાં શબ્દ છે 'ગિરિજાઘર. ખ્રિસ્તી લોકો પહેલાં મલબાર કિનારે આવ્યા હતા. તેઓ રોમન કેથોલિક હતા એટલે પરમેશ્વરની મૂર્તિમાં નહોતા માનતા. પરંતુ મેરીની અર્થાત્ ઈશુની

માની મૂર્તિ તેઓ રાખતા. તો હિંદુસ્તાનના લોકોને થયું કે આ યુરોપથી આવેલી 'ગિરિજા' છે, પાર્વતી છે. એનું ઘર એટલે ગિરિજાઘર. એવી રીતે એ ઉપાસનાને પણ હિંદુસ્તાને કબૂલ કરી લીધી. એવી જ રીતે દક્ષિણ છેડે કન્યાકુમારી છે, એને ખ્રિસ્તીઓ 'કન્યકા મેરી' કહે છે. તેઓ કહે છે કે એ ઈશુની મા છે, જે બ્રહ્મચારિણી હતી. એને પરમેશ્વરની કૃપાથી સંતાન થયું એવો એમનો વિશ્વાસ છે. સારાંશ કે ખ્રિસ્તીઓની ઉપાસના પણ અહીં ચાલી. આમ અસંખ્ય લોકો અહીં આવ્યા અને એ બધાંનું અહીં સ્વાગત થયું. આ ભારતનું ગૌરવ છે.

આ દેશમાં અનેક જાતિઓ પણ છે. આ જાતિસંસ્થાની આજે તો જાણે જરૂર નથી પણ એ સમજવું જોઈએ કે એનાં મૂળમાં Co-existence–સહઅસ્તિત્વની ભાવના છે. આજે જો કે જ્ઞાતિસંસ્થા નુકસાન કરે છે એટલે એને ખતમ કરવી પડશે. વર્ણ પણ ગુણ-કર્માનુસાર નક્કી થશે. આ ગુણો નવાં સ્વરૂપે વિકસિત કરવાં પડશે. ઊંચ-નીચનો ભેદભાવ હવે ચાલશે નહીં. એવી જ રીતે ભક્તિના મંદિરમાં પણ સહુને પ્રવેશ મળશે. આજકાલ જે ધર્મો ચાલે છે તેને બદલે અધ્યાત્મ આવશે. આટલું સ્પષ્ટ બોલવાનું કે સમજાવવાનું તો 'રાષ્ટ્રીય એકીકરણ પરિષદ' માટે શક્ય નહોતું. એટલે એમણે કહ્યું કે ધર્મભાવના રહેશે પણ રાષ્ટ્રભાવનાને પ્રથમ સ્થાન અપાશે.

## સાર લો અસાર છોડો

ખરું જોતાં તો સર્વ ધર્મનો સાર લઈને અસાર ફેંકી દેવો જોઈએ. ભાગવત, બાઇબલ, કુરાન, રામાયણ બધું વાંચો પરંતુ એમાંથી મનનપૂર્વક સાર ગ્રહણ કરી લો અને અસાર ફેંકી દો. જે અસાર ફેંકવાની કોશિશ નહીં કરે તે સાર હજમ નહીં કરી શકે. સંતરું ઉત્તમ ફળ છે, પણ એનાંયે છાલ અને બી કાઢી નાખવાં જ જોઈએ અને સારરૂપ ગર્ભને ચાવી ચાવીને ખાવો જોઈએ. રામાયણ સંતરું છે, મહાભારત આંબો છે, ભાગવત કેળું છે, બાઈબલ નારિયેળ છે. એ બધામાંથી અસાર ફેંકો અને સાર લઈ લો. જે આટલું નથી સમજ્યો તે ધર્મ જ નથી સમજ્યો. આખુંયે ભાગવત લઈને જે બેસશે તે બદમાશ માણસ પણ બની શકે. તેથી સારાસાર વિવેક જોઈએ.

સર્વ ધર્મોનો સાર શો છે ? આત્માની વ્યાપકતાનું ભાન. સૃષ્ટિનો સર્જનહાર પરમેશ્વર છે, આપણુ સહુ એના બાળુડાં છીએ. આત્મરૂપ પરમેશ્વરના આપણે અંશ છીએ. સત્ય–પ્રેમ–કરુણા એ ધર્મ છે. એકમેક સાથે સહયોગ કરવો એ જીવન છે. બીજાને સારુ ત્યાગ કરવો એ કર્તવ્ય છે. આ છે સર્વ ધર્મોનો સાર: આને જ વેદાન્ત કહે છે. વેદાન્ત એટલે ભાગવતાન્ત, પુરાણાન્ત, બાઇબલાન્ત, ભિન્નભિન્ન કલ્પનાન્ત, બધાનો અંત.

સાર લઈને અસાર ફેંકી દેવાનું કામ જ ભારત આજ સુધી કરતું આવ્યું છે. બધા ધર્મોનો સાર એ ગ્રહણ કરતો આવ્યો છે. આસામના ઇતિહાસમાં આપણે જોયું કે અહમ્ લોક અહીં આવ્યા અને એમણે અહીંનો ધર્મ, ભાષા, રીતરિવાજ વગેરે બધું અપનાવી લીધું. અલબત્ત સો–બસો શબ્દ પોતાની ભાષાનાયે ઉમેરી દીધા. પણ એમાં નુકસાન શું થયું ? બ્રહ્મપુત્રનું પાણીયે તિબેટથી આવે છે. પાણી બહારનું લઈએ છીએ તો પાંચ–પચાસ શબ્દ બહારના કેમ નહીં સ્વીકારીએ ? આ assimilationની પ્રક્રિયા ચલાવવાની છે.

હિંદુસ્તાનમાં ભાષા, જાતિ, ધર્મ અને પક્ષ એ ચાર સમસ્યા છે. પરંતુ એ ચારેયનો ઉપયોગ આપણે સારી રીતે કરીશું તો પુષ્ટ બની શકીશું. માણસ એક કરતાં વધુ ભાષા શીખશે તો એમાં એનું નુકસાન શું થવાનું છે ? અલબત્ત એમાં જોર-જબરદસ્તી તો ન થઈ શકે. પ્રેમથી જ એકબીજાની ભાષા શીખી શકાય. શંકરદેવ ૧૨ વર્ષ હિંદુસ્તાનમાં ઘૂમ્યા. પંજાબમાં જઈને તેઓ શું આસામીમાં બોલ્યા હશે ? તેઓ ત્યાંની ભાષા શીખ્યા હશે, એની સાબિતી મળે છે. 'કીર્તનઘોષા' અને 'બરગીત' માં વ્રજભાષાના શબ્દ મળે છે. આવી રીતે સુંદર રસાયણ બને છે. અંગ્રેજી ભાષા બહારના કેટલાયે શબ્દો લઇને ગૌરવાન્વિત થઈ છે. તેથી એક કરતાં વધુ ભાષા શીખવાની છે.

પરિષદે એમ નક્કી કર્યું કે દરેક જણ ત્રણ ભાષા શીખે. જમણી આંખ હશે—માતૃ ભાષા. ડાબી આંખ હશે—રાષ્ટ્રભાષા હિન્દી. ( આ મારું પોતાનું કાવ્ય છે, પરિષદની ભાષા નથી. ) ભગવાન શંકર ત્ર્યંબક

યાને ત્રિનેત્ર હતા. આ ત્રીજું નેત્ર એટલે જ્ઞાન-ચક્ષુ. એ છે સંસ્કૃત ભાષા. એ ભારત માટે જ્ઞાન-નેત્ર છે. હિંદુસ્તાનની કોઈ પણ ભાષા-વાળાને સંસ્કૃત વગર નહીં ચાલે, અને સંસ્કૃત વિના અન્ય ભાષાઓ પણ સારી રીતે નહીં જાણી શકે. આસામી અખબારો વાંચું છું તો એમાં ઓછામાં ઓછા ૧૦૦ શબ્દ સંસ્કૃતના આવે છે. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર વગેરે શબ્દો આસામી, મરાઠી, હિંદી આદિમાં સરખા છે. જ્ઞાનના શબ્દ બધી ભાષાઓમાં સંસ્કૃતના છે. તો ત્રીજું નેત્ર છે સંસ્કૃત. કોઇની આંખ બગડી હોય અને દૂર ન જોઈ શકાતું હોય તે ચશ્મા પહેરશે. તે છે અંગ્રેજી ભાષા, તમારી આંખ દૂરનું જોઈ શકતી હોય તો ઠીક છે, નહીં તો તમારે ચશ્મા પહેરવાં પડશે. ચીન, જાપાન, ઇંગ્લાંડ તમારે જવું હશે તો તમારે ચશ્મા પહેરવાં પડશે, અર્થાત્ ત્યાં અંગ્રેજી કામ આપશે. આસામવાળાઓએ પણ ભારતભરમાં ફરવું હશે તો હિંદી શીખવી પડશે અને એનાથીયે દૂર જવા માટે અંગ્રેજી. આસામવાળાઓએ એક વધુ કારણસર પણ ચશ્મા ઓછાં પહેરવાં પડે છે. એ કારણ એ છે કે અહીં ચારેકોર બારેય મહિના હર્યું-ભર્યું લીલુંછમ રહે છે. તો માતૃભાષા યાને પ્રાંતભાષા, રાષ્ટ્રભાષા અને એક પરદેશી ભાષા અને એમાયે ખાસ કરીને અંગ્રેજી શીખવી જોઈએ એમ એ પરિષદે કહ્યું છે. હું એની સાથે મારું સંસ્કૃતનું ગુપ્તનેત્ર જોડી દેવા માગું છું.

દિલ્હીમાં જે પરિષદ મળી તે ખૂબ મહત્ત્વની છે. તમારો ને મારો ધર્મ છે કે આ પરિષદના નિર્ણયોનો અમલ કરીએ.

જાંજી (આસામ), ૫-૧૦ ૬૧ —વિનોબા

★

# શાંતિ-સંકલ્પ અને શિક્ષણનું નવસંસ્કરણ

દિલ્હીમાં રાષ્ટ્રીય એકતા પરિષદ મળી એની થોડી માહિતી મેં કાલે આપી. એ પરિષદ દ્વારા જે માર્ગદર્શન આપણને સૌને મળ્યું એનું થોડું વિવેચન મેં કર્યું અને થોડીક વાતો આપણે આચરવાની હતી તે મેં તમારી સમક્ષ મૂકી. એ પરિષદે જે સૂચનો કર્યાં છે એમાં એક ઘણું મહત્ત્વનું સૂચન છે, જેનું આજે હું વિવરણ કરીશ. પરિષદનું એ સૂચન સર્વ સેવા સંઘના પ્રસ્તાવ અનુસારનું છે.

તમે સહુ જાણો છો કે ગાંધીજીના મૃત્યુ બાદ એમનું કામ દેશમાં ચલાવવા સારુ સર્વ સેવા સંઘ નામની સંસ્થા બની, જેમાં ગાંધીજીએ સ્થાપેલી ઘણી બધી સંસ્થાઓ સામેલ છે—ચરખા સંઘ, ગોસેવા સંઘ, ગ્રામોદ્યોગ સંઘ, તાલીમ સંઘ વગેરે. ભૂદાન-ગ્રામદાનનું કામ આ સંઘ દ્વારા જ હિંદુસ્તાનમાં ચાલ્યું છે અને આશરે પાંચ-છ હજાર લોકસેવકો સર્વ સેવા સંઘ મારફત ઠેકઠેકાણે કામ કરી રહ્યા છે. આવડી વિશાળ બિનસરકારી રચનાત્મક કામ કરનારી સંસ્થા આખીયે દુનિયામાં બીજી નહીં હોય.

### અહિંસાનો સામૂહિક પ્રયોગ

અહિંસા એક ક્રાંતિકારી વસ્તુ છે. આ વિચાર તો જૂનો છે. વ્યક્તિઓને—ઋષિઓને એનું દર્શન થયું. દુનિયાભરમાં જે જે મહાન પુરુષ થયા એમને આ વસ્તુનું દર્શન થયું. આપણે ત્યાં વૈદિક ઋષિ-મુનિ અને ત્યાર પછી ગૌતમ બુદ્ધ અને મહાવીર વગેરે અસંખ્ય સત્પુરુષ અહિંસાના પાયા પર જ કામ કરતા આવ્યા. એવી જ રીતે યુરોપમાં તથા બીજા દેશોમાંયે અહિંસાને આધારે મહાપુરુષો કામ કરતા આવ્યા. એ બધામાં ઈશુનું નામ આખી દુનિયાને માલૂમ છે. પરંતુ સામૂહિક દૃષ્ટિએ સામૂહિક ક્ષેત્રમાં પ્રયોગ કરવાની કોશિશ એ દિવસોમાં નથી થઈ. ગાંધીજીએ એનો એક પ્રયોગ હિંદુસ્તાનમાં રાજનૈતિક ક્ષેત્રમાં

કર્યો. હવે એ ચીજ આખી દુનિયાએ સામૂહિક કાર્ય સારુ માન્ય કરી છે. એનો મતલબ એ નથી કે દુનિયામાં હિંસાની માત્રા ઓછી થઈ છે. હિંસા તો ચાલે છે, અને ખૂબ ભયાનક સ્વરૂપે ચાલે છે, મોટા પ્રમાણમાં ચાલે છે, દરેક દેશમાં અને દરેક પ્રદેશમાં ચાલે છે. છતાંયે દુનિયાએ અહિંસાને સામાજિક ક્ષેત્રમાં એક અસરકારક ઉપાય રૂપે માન્ય કરી છે. સામાજિક સમસ્યાઓનો પરિહાર અહિંસા મારફત કરવો જોઈએ, કરી શકાય છે, એના પ્રયોગ કરવા જોઈએ, એ વિચાર દુનિયાએ માન્ય કર્યો છે.

હમણાંની જ વાત છે. અણુશસ્ત્રોની વિરુદ્ધ ઈંગ્લાંડમાં હજારો લોકોએ કૂચ કરી અને દેખાવો કર્યા. આ એક વિશેષ ઘટના છે. દુનિયાને હિંસાથી બચાવો, અણુ-શસ્ત્રોનો પ્રયોગ કરવાનો અધિકાર કોઈનેય નથી, આ કોઈ દેશની મરજીની વાત નથી, એનાથી આખીયે માનવજાતના સંહારની શકયતા છે, તેથી અમે એનો વિરોધ કરીએ છીએ અને કરતા રહીશું એમ એમનું કહેવું હતું. તો આજે હિંસાને વ્યાપક થતી જોઈને દુનિયાના વિદ્વાન પુરુષોના દિલમાં ક્ષોભ થાય છે. આજે હિંસાથી સમાજનું કોઈ ભલું થવાનું નથી, એમ દુનિયાના શાણા લોકોએ સ્વીકારી લીધું છે.

દિલ્હીની પરિષદમાં હિંદુસ્તાનના ઘણા નેતાઓ એકઠા થયેલા. એમણે જે અનેક સૂચનો આપ્યાં એમાંનું એક સૂચન એમ છે કે હિંદુસ્તાનના પ્રત્યેક નાગરિકે એવો શાંતિ-સંકલ્પ લેવો જોઈએ કે સામાજિક કે બીજા કોઈ પણ પ્રશ્નના ઉકેલ માટે હું હિંસાનો આશરો નહીં લઉં.

## સાદી સભ્યતાની પ્રતિજ્ઞા

આ બિલકુલ સાદી પ્રતિજ્ઞા છે. મા પોતાનાં બચ્ચાંને મારશે તો આ પ્રતિજ્ઞામાં બાધા નથી. આ કોઈ મહાત્મા ગાંધીએ આપણને જે અહિંસા શીખવી એની પ્રતિજ્ઞા નથી, ગૌતમ બુદ્ધે જે અહિંસા શીખવી એનીયે આ પ્રતિજ્ઞા નથી. આ તો બિલકુલ સાદી સભ્યતાની પ્રતિજ્ઞા છે. ગામના, શહેરના, જાતીય, ધાર્મિક, પાંથિક કે આર્થિક કોઈ પણ પ્રશ્નના ઉકેલ માટે હું હિંસાનો ઉપયોગ નહીં કરું, એવી

પ્રતિજ્ઞા નાગરિક લે. શાંતિવાદીઓ પ્રતિજ્ઞા કરે છે કે અમે ક્યારેય યુદ્ધમાં ભાગ નહીં લઈએ, એ પ્રકારની આ પ્રતિજ્ઞા નથી. આ તો સાદી અને સભ્યતાની પ્રતિજ્ઞા છે, અને સભ્ય સમાજમાં માન્ય થયેલી વાત છે.

હિંદુસ્તાન એક અહિંસાનો વિચાર માનનારો દેશ મનાય છે. ૧૪ વર્ષમાં હિંદુસ્તાનમાં કેટલાં હુલ્લડ થયાં, કેટલા લોકોની હત્યા થઈ, કેટલી વાર પથ્થરબાજી થઈ, કેટલી વાર ગોળી ચાલી, કેટલાં ઘર બળ્યાં ? ઈંગ્લાંડની સાથે સરખામણી કરો. આ સભ્ય દેશનું લક્ષણ નથી. ઇંગ્લાંડમાં લશ્કર છે, નૌકાકાફલો છે, વિમાનીદળ છે. શસ્ત્રવિદ્યાની ત્યાં તાલીમ અપાય છે. એમણે ગાંધી અને બુદ્ધની અહિંસાનું વ્રત નથી લીધું, પણ સભ્યતાનું વ્રત લીધું છે. તો સભ્યતા ખાતર સમાજની કોઈ પણ સમસ્યાના ઉકેલ માટે હિંસાનો ઉપયોગ ન કરવાની આ પ્રતિજ્ઞા હિંદુસ્તાનના બધા નાગરિકો લે, એવો પ્રસ્તાવ સર્વ સેવા સંઘે કરેલો. એને સ્વીકારીને રાષ્ટ્રીય એકતા પરિષદે તે દેશ સમક્ષ મૂકયો છે.

### આજની આપણી શરમજનક હાલત

આપણે વિચારીશું તો જણાશે કે ખરેખર આપણે માટે આ બહુ અપમાનકારક પ્રતિજ્ઞા છે. કાલે ઊઠીને હું કહું કે કોઈ સામાજિક સમસ્યાના ઉકેલ સારુ હું કોઇને મારીશ નહીં તો કેટલું બેહૂદું લાગશે ? એવી પ્રતિજ્ઞા લેતાં મને તો શરમ આવે ! આખરે હું માણસ જેવો માણસ છું. પ્રતિજ્ઞા લીધા વિનાયે માણસને નાતે આટલું ન સમજું ? પરંતુ આજે આપણી આવી હાલત થઈ છે કે આ પ્રતિજ્ઞા આપણે લેવી પડે છે. આ કેટલી બદનામી છે ?

જૂની વાતો આપણે ભૂલી જવી જોઈએ, લોકોને પણ કહીએ કે તેઓ પણ એ વાતો ભૂલી જાય. પણ ભૂલી તો ત્યારે શકાય જ્યારે એવી ઘટનાઓ ફરી ફરી ન બને. ભૂલી જવાની વાત હું ગઈ કાલે સાંજે કહી રહ્યો હતો પણ પછી મને કાલે જ ખબર મળ્યા કે દિલ્હીથી ૨૦૦ માઈલ દૂર જ ફરી એવી ઘટના થઈ. દિલ્હીમાં હજી તો હમણાં પરિષદ થઈ, જેમાં દેશભરના નેતા હાજર હતા અને એવામાં તો અલિગઢમાં કોમી વિખવાદ થયો અને તે પણ યુનિવર્સિટીમાં—વિદ્યાના ધામમાં !

આજે બેકાર શિક્ષણ આપવામાં આવે છે. એમાં કોઈ નૈતિક વિચાર નથી, કોઈ ઉદ્યોગની તાલીમ નથી, કોઈ આધ્યાત્મિક પ્રેરણા નથી. શિક્ષણ એ માત્ર પેટિયું રળી ખાવાનું સાધન છે એમ મનાય છે. નોકરી સિવાય બીજી કોઈ ગતિ નથી. મને ખબર છે કે મારા વખતમાં જે શિક્ષણ અપાતું એનું એ શિક્ષણ આજેયે ચાલુ છે. એમાં કોઈ ફરક નથી થયો.

**રાજ્ય નવું પણ ઝંડો જૂનો ને જૂનો !**

૧૫ ઓગસ્ટ ૧૯૪૭ ને દિવસે મારા ભાષણમાં મેં કહ્યું હતું કે 'નવું રાજ્ય આવે પછી જૂનો ઝંડો એક મિનિટ પણ ચાલશે કે? જેવું નવું રાજ્ય આવ્યું કે ઝંડો પણ નવો હોવો જોઈએ. જૂનો ને જૂનો ઝંડો રહ્યો તો નવું રાજ્ય આવ્યું છે એમ કોણ માનશે? તો જેમ નવા રાજ્યમાં નવો ઝંડો તેમ નવા રાજ્યમાં 'નઈ તાલીમ' હોવી જોઈએ. જો તાલીમ જૂની રહેશે તો રાજ્ય પણ જૂનું જ છે એમ માનવું પડશે. જ્યારે જ્યારે વિદ્યાર્થીઓ દ્વારા તોફાનો થયાની વાત સાંભળું છું ત્યારે ત્યારે મારું આ વાકય મને સતત યાદ આવે છે. હું તો આવી સ્કૂલો તદ્દન બંધ કરી દઉં. ખેતીકામ કરો, હરો-ફરો, હસો-રમો, વ્યાયામ કરો. બાકી આ શિક્ષણથી તો હજીયે હજારોગણા બેકાર ઊભા થશે. પછી બેકાર દિમાગમાં શેતાનનું રાજ ન થાય તો બીજું શું થાય? આ બધો શિક્ષણનો દોષ છે. આવું શિક્ષણ જેટલું વધશે, એટલી શેતાનવૃત્તિ પણ વધશે.

તો શિક્ષણ તરફ પણ પરિષદે ધ્યાન ખેંચ્યું છે અને કહ્યું છે કે શિક્ષણનું નવસંસ્કરણ ( re-orientation ) થવું જોઈએ. આશા છે કે આ પ્રસ્તાવ અનુસાર શિક્ષણ તરફ ધ્યાન અપાશે. આશ્ચર્યની વાત છે કે ૧૪–૧૫ વર્ષ પછી હવે શિક્ષણના નવસંસ્કરણની વાત સૂઝી રહી છે! એટલા કાળમાં તો બીજાં રાષ્ટ્રોએ શું શું કરી નાખ્યું! આટલી સાદી વાત આપણે નથી કરી શકયા.

દરેક વિદ્યાર્થીને હાથનું કામ મળવું જોઈએ, એના હૃદયને પોષણ મળવું જોઈએ, એની બુદ્ધિનો વિકાસ થવો જોઈએ. માત્ર આ ત્રણ જ વાત ધ્યાનમાં રાખવાની છે, ચોથી નહીં.

## સાક્ષરતાની આપણી અવળી કલ્પના

આપણે શું કહ્યું ? સાક્ષરતા વધારો, ૪૦–૫૦ વર્ષના વૃદ્ધને ' ક, કા, કિ, કી ' શીખવો. રાતે શીખે છે; શીખીને શું મોક્ષ પામવાના છે ? પરંતુ આ એટલે વાસ્તે કે સરકાર કહી શકે કે આટલા-આટલા લોકો શિક્ષિત થઈ ગયા છે ! મને એવા લોકો માલૂમ છે, જે મેટ્રિક સુધી ભણ્યા છે અને બધું જ ભૂલી ગયા છે. a, b, c, d યાને સ્વર્ગની સીડી, એટલું જ યાદ રહ્યું છે ! બાકી બધું ભૂલી ગયા, કેમ કે એ વિદ્યાનું કોઈ કામ જ ન પડયું. જે જ્ઞાન છે, તે કયારેય ભુલાતું નથી. જ્ઞાન કાં તો હશે, કાં તો નહીં હોય. જે વિદ્યા કામમાં નથી આવતી તે માણસ ભૂલી જાય છે. વળી જે વિદ્યા કામમાં તો આવે છે પણ આત્મામાં નથી પહોંચતી તે પણ માણસ ભૂલી જાય છે.

જાગૃતિમાંયે ભુલાઈ જાય એવી કાલ્પનિક ને સાંકેતિક વિદ્યા શીખવવામાં આવે છે. Horse એટલે ઘોડો, એ શબ્દ છે, વિદ્યા નહીં. શબ્દને માણસ ભૂલી જાય છે, જ્ઞાનને માણસ નથી ભૂલતો. ગોળને 'ગોળ' કહે છે એ ભૂલી શકે છે, પરંતુ ગોળ ખાધો અને તે ગળ્યો લાગ્યો, એ જ્ઞાન શું આપણે કયારેય ભૂલીશું ? કોઈ એ આજે ગોળ ખાધો એને તે ગળ્યો લાગ્યો. વચ્ચે ચાર મહિના ખાવા ન મળ્યો, તો શું એ ભૂલી જશે કે ગોળનો સ્વાદ કેવો હોય છે ? આ જ્ઞાનનું લક્ષણ છે. જ્ઞાન મનુષ્ય નથી ભૂલતો. આત્મજ્ઞાનને મૂર્છા અને નિદ્રામાંયે નથી ભૂલતો, બીજાં જ્ઞાન જાગૃતિમાંયે ભૂલી જાય છે. આમ જ્ઞાન-જ્ઞાનમાંયે ફરક હોય છે. જે વિદ્યામાં નૈતિક વિકાસ ન થાય, પુરુષાર્થ ન શીખવાય, એવી વિદ્યામાં વિદ્યાર્થીઓનો નકામો સમય જાય છે.

આમ રાષ્ટ્રીય એકતા પરિષદે બે સૂચન મૂકયાં—એકનો સંબંધ સભ્યતા સાથે છે, બીજાનો શિક્ષણ સાથે.

## ગંભીરતા + સ્થિરતા = ભારતીયતા

કેટલી મહેનતથી આપણે ભારતને એક બનાવ્યો છે ! હજારો વર્ષથી એને માટે તપસ્યા થઈ છે. વાલ્મીકિએ એક શ્લોકમાં રામનું વર્ણન કર્યું છે, એ જ એક શ્લોકમાં આખા ભારતનું વર્ણન આવે છે. રામ એક

રાષ્ટ્રપુરુષ હતા. એમના ગુણ કેવા હતા ? " समुद्र इव गाम्भीर्ये, स्थैर्ये च हिमवानिव ।" ગંભીરતામાં તેઓ સાગર જેવા છે અને સ્થિરતામાં હિમાલય જેવા. અડધા શ્લોકમાં સમસ્ત ભારત ખડું કરી દીધું. સમુદ્રથી હિમાલય—આસેતુ-હિમાચલ—સુધી આપણે એક દેશ માન્યો અને બનાવ્યો, એના આ બે ગુણ સાંકેતિક છે. સમુદ્રની ગંભીરતા અને હિમાલયની સ્થિરતા, બંને મળીને ભારતીયતા થાય છે. પરમેશ્વર આપણામાં આ બે ગુણ સ્થિર કરે ! એ માટે જ હું ઘૂમી રહ્યો છું, ગામેગામ સમજાવી રહ્યો છું, "એક બનો અને નેક બનો" દસ વર્ષ પહેલાં કોઈએ મારી પાસે સંદેશો માગ્યો હતો, તો મેં આ જ બે શબ્દ કહ્યા હતા—" એક બનો અને નેક બનો. "

દેશના નેતાઓ આજે ચિંતિત છે. ચિંતિત થવા જેવી પરિસ્થિતિ પણ છે. એવી જ ઘટનાઓ બની રહી છે. થોડા દિવસ પહેલાં જબલપુરમાં હુલ્લડ થયાં એને પરિણામે ક્ષોભ થયો. એની અસર પાકિસ્તાન ઉપર પણ થઈ. હવે આ અલિગઢવાળી ઘટના બની. આવી રીતે આપણે વર્તીશું તો ભારતનું ભવિષ્ય કેવું હશે, કહી નથી શકાતું ! પરંતુ મારા અંતરમાં એક વિશ્વાસ છે કે આ દેશમાં પુણ્યનો અને સત્યનો વિજય થશે. અહીંની હવાના કણકણમાં ઋષિ અને સંતોની તપસ્યા છે. આ સંત-સત્પુરુષોની ભૂમિ છે. એ જ શ્રદ્ધા સાથે હું આગળ વધી રહ્યો છું.

જાંજી (આસામ), ૯-૧૦-૬૧ —વિનોબા

★

# ભારતની સમન્વયી પ્રજ્ઞા

દેશના ભાગલા થવાના ભયંકર પરિણામો નજરે નિહાળ્યા બાદ અને તેની માઠી અસરો હજુ પણ આપણે ભોગવી રહ્યા છીએ તે જોતાં હવે પછી ગમે તે બને તો પણ આવી કોઈ પણ અલગતાની વાતને આપણે સહન કરી શકીએ તેમ છીએ જ નહીં. આંતરિક યુદ્ધ થાય તો પણ આ બાબત હવે સહી ન જ શકાય. આ મુદ્દા પર બાંધછોડ થઈ જ ન શકે. દરેક જણ યાદ રાખે કે ભારતની એકતા અવિભાજ્ય છે, અવિનાશી છે. આપણે ત્યાં કેટલાક લોકો અલગ રાજ્ય અને એવી વાતો હળવા દિલે કરી રહ્યા છે. પણ આજના ભારતમાંથી કાપીને કોઈ પણ અલગ રાજ્ય ઊભાં કરવામાં આવે તો તેનાં પરિણામો શું આવે તેનું તેમને ભાન નથી. ભારતમાંથી અમુક પ્રદેશ અલગ તારવીને પાકિસ્તાન ઊભું કરવામાં આવ્યું. આપણે તેનાં અનિષ્ટ પરિણામો ભોગવ્યાં છે અને હજુ પણ ભોગવી રહ્યા છીએ. ભારતના આથી વધારે ભાગલા થતાં, જેમાંથી ભારત કદી ઊંચું જ ન આવે એ રીતે ભારત ભાંગીને છિન્ન ભિન્ન થઈ જશે.

ભારતને ટકી રહેવા માટે—ભારતને ટકાવી રાખવા માટે—એકતાની સૌથી વધારે જરૂર છે. આ એકતાને જાળવવાની આપણી લડતમાં આપણે જીતવાના જ છીએ, સફળતા મેળવવાના જ છીએ. ભારતને એકત્ર રાખે એવો તેની પાસે એક મહાન વારસો છે. આજે આપણા ભારતમાં આપણે દક્ષિણમાં રહેતા હોઈએ કે ઉત્તરમાં રહેતા હોઈએ, આપણે હિંદુ હોઈએ, મુસલમાન હોઈએ કે શીખ હોઈએ, આપણે ઊંચી જ્ઞાતિના હોઈએ કે હલકી જ્ઞાતિના હોઈએ, પણ આપણામાંનો કોઈ પણ એક માનવી ભારતના મિશ્ર વારસાની નીપજ નથી એમ કોણ કહી શકે તેમ છે? આપણે સૌ આ વારસાની જ પેદાશ છીએ. હજારો વર્ષની પ્રક્રિયાને પરિણામે તે તદ્દન અનિવાર્ય હતું. અનેક પ્રતિકૂળતા છતાંયે ભારતની વિશિષ્ટ પ્રજ્ઞાને કારણે એકતાની પ્રક્રિયા સતત ચાલુ રહી છે.

આ સમન્વયશીલ બુદ્ધિનું અથવા તો એકતાની ભાવનાનું પરિણામ હોય કે પછી આખી પ્રજાનું ભાવિ આ પ્રકારે ઘડાવાનું હોય તેનું પરિણામ હોય; પરંતુ એકતા અને સમન્વયને જોર આપે એવો આગળ ધકેલતો આવેગ આપણા દેશમાં હમેશાં વિદ્યમાન રહ્યો છે. પછી ભલે તે તાત્ત્વિક ભૂમિકા પર હોય કે ધાર્મિક ભૂમિકા પર હોય, પણ ભારતના આત્માનું આ મંથન હમેશાં ચાલતું રહ્યું છે. સંપ્રદાય, જ્ઞાતિ કે બીજાં કારણોને લઈને લોકો લોકો વચ્ચે ભેદભાવની દીવાલો ઊભી કરતાં વલણોની સામે પરસ્પર સમન્વય સાધવો અને એકત્ર બનવું—આ પ્રકારની બળવાન પ્રેરણા આપણા દેશમાં સતત કામ કરતી રહી છે.

એક બાજુ દુનિયામાં અન્યત્ર માલૂમ ન પડે એટલી ચિત્તની વિશાળતા, દિલની ઉદારતા અને બુદ્ધિની વ્યાપકતા આપણે ત્યાં જોવામાં આવે છે. બીજી બાજુ સાંકડાપણું, ધર્માંધતા અને અલગતાબુદ્ધિનાં જ્યાં ત્યાં દર્શન થાય છે. ભારતનો આ એક અસાધારણ કોયડો છે, અને આપણે એનો ઉકેલ કરવાનો છે.

આચાર્ય વિનોબા ભાવેએ બરોબર જણાવ્યું છે કે રાજકારણ અને ધર્મના દિવસો હવે ખલાસ થયા છે અને તેનું સ્થાન વિજ્ઞાને અને અધ્યાત્મે લેવાનું છે. સત્યની શોધ એ જ વિજ્ઞાનનો હેતુ છે અને વિજ્ઞાન અત્યારે માત્ર ભૌતિક વસ્તુઓનું જ નહીં પણ તેની સાથે વધારે ગૂઢ અને અપ્રત્યક્ષ એવી અનેક બાબતોનું સંશોધન કરી રહેલ છે. એકમેકને સદા સંલગ્ન કરતી, સમન્વિત કરતી અને કદી વિભાજિત ન કરતી એવી જે ભારતની પ્રજ્ઞા છે, ભારતનો આત્મા છે, તેને તેણે પુનઃ અવલંબન લેવું ઘટે છે. મને કોઈ શક નથી કે ભારતને એકત્ર કરતાં બળો, તેને વિભાજિત કરતાં બળો કરતાં ઘણાં વધારે બળવાન છે. આપણને આજે જે જોઈએ છે તે ઉપરછલ્લી રાજકારણી એકતા નહીં પણ ભારતની ખરી એકતા, સાચી એકતા જોઈએ છે અને તે આપણે જરૂર મેળવવાના છીએ, સિદ્ધ કરવાના છીએ. તે સિવાય આપણા ઉદ્ધાર અને ઉત્કર્ષ માટે બીજો કોઈ વિકલ્પ નથી.

મદુરા, ૫-૧૦-૬૧ : કોંગ્રેસ મહાસમિતિની બેઠકમાં —**જવાહરલાલ નેહરુ**

★

# પરિશિષ્ટ

[ ૨૮ સપ્ટેમ્બરથી ૧ ઑક્ટોબર દરમ્યાન દિલ્હી ખાતે જવાહરલાલ નેહરુના અધ્યક્ષપદે 'રાષ્ટ્રીય એકતા પરિષદ' મળી, જેમાં દેશભરમાંથી ૧૫૩ આમંત્રિતમાંથી ૧૩૦ આગેવાનો હાજર રહ્યા હતા. ચાર દિવસ સુધી પરિષદમાં ખુલ્લા દિલે ચર્ચા-વિચારણા થઈ, જેથી રાષ્ટ્રીય એકતા સારુ એખલાસભર્યું અને શ્રદ્ધાનું વાતાવરણ નિર્માણ થયું. પરિષદ દરમ્યાન વ્યક્ત થયેલ મહત્ત્વનાં મંતવ્યો તેમ જ લેવાયેલા નિર્ણયો આ પરિશિષ્ટમાં આપ્યાં છે. ]

રાષ્ટ્રીય એકતાનું ચણતર કાંઈ ઈંટ અને ચૂના વડે કરી શકાય નહીં. એ તો માણસોના દિલ અને દિમાગમાં શાંતિપૂર્વક પાંગરવી જોઈએ. આ માટેની પ્રક્રિયા કેળવણીની પ્રક્રિયા જ હોઈ શકે. એ કદાચ ધીમી પ્રક્રિયા હશે, પણ એ અવિરત ને અચૂક પ્રક્રિયા છે. એ એક શાશ્વત ચીજ છે. કેળવણીએ માત્ર માહિતી કે ઔદ્યોગિક તાલીમ જ આપવાની નથી, પણ એણે આપણને સંવેદનો ઝીલવાની તાલીમ આપવાની છે અને સદ્વર્તનની ટેવો પાડવાની છે. માનવજાત એક અને અવિભાજ્ય છે તેમ જ આપણુ સૌ ભાંડુઓ છીએ એવી માન્યતામાંથી જ સદાચારનો ધર્મ પાંગરી શકે અને આચારના વ્યવહારુ નિયમો વિકસી શકે.

—ડૉ. રાધાકૃષ્ણન્

એ સાચું છે કે ભારત આજે ગંભીર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું છે. આ મુશ્કેલીઓ અણગમતી અને રોષ પ્રેરે એવી જરૂર છે પણ આપણને ડરાવી મૂકે એવી ખસૂસ નથી. આમ થવું અનિવાર્ય છે અને આપણે પ્રગતિ કરી રહ્યા છીએ તેની એ નિશાની છે. કોમવાદ, જ્ઞાતિવાદ, પ્રદેશવાદ અને ભાષાવાદની દબાવી દેવાયેલ ખરાબ વૃત્તિઓ બહાર આવી રહી છે. આ દૂષણો આહ્વાન રૂપ છે. આમાંની કેટલીક મુશ્કેલીઓ આપણા પુરાણા વારસાને કારણે છે, જ્યારે બીજી કેટલીક મુશ્કેલીઓ પ્રગતિની અદમ્ય ઝંખનાને કારણે આપણે અનુભવી રહ્યા છીએ.

પરંતુ આથી હું લગીરે હતાશ નથી થયો. એ પડકારને આપણે ઉપાડી જ લેવો રહ્યો, કેમ કે દેશના ઇતિહાસમાં સૌથી મહાન પરિવર્તનના કાળમાંથી આપણે પસાર થઈ રહ્યા છીએ. મને ચોક્કસ ખાતરી છે કે આ બધી સમસ્યાઓને પહોંચી વળવાની પ્રજામાં તાકાત છે. આ અપ્રતીમ પરિષદ પોતે જ આપણા અને પ્રજાના આત્મવિશ્વાસનું તેમ જ પરસ્પર સહયોગ કરવાની આપણી ગુંજાશનું પ્રતીક છે. **—જવાહરલાલ નેહરુ**

દેશને છિન્નભિન્ન કરનારાં પરિબળોને આપણે છુટ્ટો દોર આપ્યો છે, કારણ કે આપણું લક્ષ ચૂંટણીઓ જીતવા પર છે. ઉદ્યોગીકરણ અને શહેરીકરણ જ્ઞાતિવાદનો અંત લાવી રહ્યાં છે પરંતુ મરણશૈયા પર પડેલ આ જ્ઞાતિસંસ્થામાં રાજકારણે નવા પ્રાણ પૂર્યા છે. ઉમેદવારોની પસંદગી જ્ઞાતિ અને કોમી ગણતરીએ કરવામાં આવે છે. દાખલા તરીકે મૌલાના આઝાદને મુસ્લિમ બહુમતી વિસ્તારોમાંથી જ ચૂંટણીમાં સંસદની બેઠક માટે ઊભા રાખવામાં આવતા હતા. મૌલાનાને ખરી રીતે હિંદુ વિસ્તારમાંથી ઊભા રાખવા જોઈતા હતા. તેઓ કદાચ હારી જાત પરંતુ એમની એ હાર ' એકતા માટેનો એક મહાન વિજય ' બની રહેત.

જ્યાં સુધી લોકોને કોઈક મિશન-કાર્યની ભાવનાથી પ્રેરવામાં ન આવે ત્યાં સુધી એકતાની કોઈ આશા રાખવી નકામી છે. નૈતિક ને સાર્વજનિક મૂલ્યોમાં પેઠેલો સડો આજે એકતાને કોરી રહ્યો છે. વધુ ને વધુ લોકો એવા નિર્ણય પર આવતા જાય છે કે અપ્રામાણિકતા જ કાર્યસાધક નીવડે છે. મૂલ્યોના આ સડાને અટકાવવો જ જોઈએ. **—ડૉ. ઝકીર હુસેન**

આવતો દસકો રાષ્ટ્રના જીવનમાં એક ખૂબ કપરો અને ભયભરેલો કાળ હશે, જ્યારે આપણે આપણા અર્થતંત્રને સ્વયં-નિર્ભર બનાવવા પ્રયત્ન કરીશું. સંઘર્ષો અને તંગદિલીઓનું પ્રતિબિંબ આખરે રાજકીય તખતા પર પડશે. જો લોકશાહીને કાયમ રાખીને આપણે પરિવર્તન લાવવું હશે તો રાજકીય

કાર્યકરોમાં મોટા પ્રમાણમાં જવાબદારીની જરૂર પડશે. તેથી એક આચારમર્યાદા અને મહાન જવાબદારીની સભાનતાની આવશ્યકતા છે.

—**અશોક મહેતા**

દેશની રાજકીય એકતા સામે આજે કોઈ ગંભીર ભય ઊભો થયો છે એમ હું નથી માનતો, અને છતાંયે આપણે હાથ જોડીને બેસી રહેવું જોઈએ નહીં. દેશના રાજકીય જીવનમાં જે અવળાં વલણો જણાતાં હોય એમને સુધારી લેવાનાં પગલાં સત્વર ભરાવાં જોઈએ. આર્થિક ક્ષેત્રમાંની લોકોની વિટંબણાઓ પણ દૂર કરવા સારુ સત્વર યોગ્ય પગલાં ભરવાની અત્યંત આવશ્યકતા છે. પ્રજાની અસંતોષની આ લાગણીને વધવા દેવામાં આવશે તો દેશની ઝડપી આર્થિક પ્રગતિમાં વિક્ષેપ પડશે અને વખત જતાં જેમ કોરિયામાં બન્યું તેમ બીજા દેશોના પ્રબળ રાજકીય પ્રસંગોની અસરથી આ ચીજ દેશનું રાજકીય વિભાજન સર્જશે.

—**સી. ડી. દેશમુખ**

જો યોગ્ય રીતે જનતાને શિક્ષણ આપવામાં આવે, કાર્યની સિદ્ધિ માટે જીવતાં અને જરૂર પડે મરતાં પણ લોકોને શીખવવામાં આવે તો એથી સાચો રાષ્ટ્રવાદ જન્મશે. આજે ભારતવાસીઓમાં જીવનધ્યેયનો અભાવ હોવાથી જ એકતા નથી.

—**આચાર્ય કૃપલાણી**

ભારતને આધુનિક અર્થમાં એક રાષ્ટ્ર કઈ રીતે બનાવવું એ આજે દેશ સમક્ષનો મહત્ત્વનો પ્રશ્ન છે. આધુનિક રાષ્ટ્રો એ 'હાનિકારક એકમો' છે અને તેઓ જેટલાં વહેલાં અદૃશ્ય થાય તેટલું વધુ સારું એવો જે છેલ્લામાં છેલ્લો વિચાર દુનિયામાં પ્રવર્તે છે એની સાથે આનો મેળ બેસાડવાનો રહેશે.

—**જયપ્રકાશ નારાયણ**

★

ભારતના લાંબા ઇતિહાસમાં વિવિધ જાતના, ધર્મના અને ભાષાના લોકોએ દેશના ઘડતરમાં ફાળો આપ્યો છે. આ ભિન્નતા છતાં ભારતમાં સર્વદા મૂળભૂત એકતા જળવાઈ રહી છે અને એનું અવનવું છતાં આગવું વ્યક્તિત્વ રહ્યું છે. રાજદ્વારી એકતા અને સ્વતંત્રતાની પ્રાપ્તિએ આ એકતાનું સમર્થન કર્યું છે, છતાં કોમવાદ, જ્ઞાતિવાદ, પ્રદેશવાદ અને ભાષાવાદ જેવા વિભાજક ને વિઘાતક પરિબળો પ્રજાની એકતાને નિર્મૂળ કરવા મથી રહ્યાં છે. આ વિઘાતક વલણોને ડામવાનાં છે. દેશના હિત આગળ અન્ય હિતો ગૌણ લેખાવાં જોઈએ.

રાષ્ટ્રીય એકતા એ મનોવૈજ્ઞાનિક ને શૈક્ષણિક પ્રક્રિયા છે, જેમાં એકતા, સંગઠન, લોકહૃદયની એકવાક્યતા, સમાન નાગરિકત્વ અને દેશ પ્રત્યેની વફાદારીની ભાવના વિકસાવવાની છે. પરિષદ દેશના દરેક પુખ્ત વયના નાગરિક પાસે શાંતિ-સંકલ્પ લેવડાવવાની ઝૂંબેશ ઉપાડવાના સર્વ સેવા સંઘના સૂચનને આવકારે છે.

રાષ્ટ્રીય એકતાની દૃષ્ટિએ શિક્ષણનું નવસંસ્કરણ થવું જોઇએ. આંતરપ્રાંતીય વ્યવહારની ભાષા હિંદી જ હોઈ શકે તે સ્વીકારાયું છે. એટલે હવે દેશના બધા જ રાજ્યોમાં હિંદી ફરજિયાત ભાષા તરીકે શિખડાવાવી જોઈએ. ઉત્તર ભારતના વિદ્યાર્થીને દક્ષિણની કોઈ પણ એક ભાષા શીખવાની પરિષદે ભલામણ કરી છે. પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં મળવું જોઇએ અને સામાન્ય રીતે માધ્યમિક તેમ જ ઉચ્ચ શિક્ષણ પ્રાદેશિક ભાષામાં અપાય. જો કે થોડો વખત સુધી ઉચ્ચ શિક્ષણના માધ્યમ તરીકે તથા આંતરપ્રાંતીય વ્યવહાર માટે અંગ્રેજીને ચાલુ રાખવાની ભલામણ થઈ છે. પરિષદે રાષ્ટ્રીય ધોરણે પાઠ્યપુસ્તકો તૈયાર કરવા અંગે પણ વિચારણા કરી છે. પરસ્પર વધુ સમજ અને શુભેચ્છા પ્રસારવા યુનિવર્સિટીઓ તથા કોલેજોએ બીજાં રાજ્યોના લાયક વિદ્યાર્થીઓને ઉત્તેજન આપવું જોઈએ. આ માટે પ્રવેશની તથા શિષ્યવૃત્તિઓની ખાસ સગવડોની જોગવાઈ થવી જોઈએ. શિક્ષણ ભારતીયતાની ભાવના સર્જે અને આત્મશ્રદ્ધા પ્રેરે એવું હોવું જોઈએ. શિક્ષણે યુવાનમાં મિશનરી

ભાવના સર્જવી જોઈએ. શિક્ષણ એવું હોવું જોઈએ કે એમાં બીજા પર શાસન કરવાની વૃત્તિ ન સર્જાય અને એનો હેતુ વ્યક્તિત્વ વિકસાવવાનો હોય.

પરિષદે વડાપ્રધાનના અધ્યક્ષપદે રથાયી 'રાષ્ટ્રીય એકતા પરિષદ' રચવાનો નિર્ણય કર્યો છે.એમાં કુલ ૩૭ સભ્યો હશે. સમિતિમાં કેન્દ્રના વડા પ્રધાન ને ગૃહ પ્રધાન, બધાં રાજ્યોના મુખ્ય પ્રધાનો, સંસદના ૭ રાજકીય પક્ષોના નેતા, યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનના પ્રમુખ, બે શિક્ષણશાસ્ત્રીઓ, ભાષીય લઘુમતી તથા પછાત કોમો માટેના કમિશ્નરો, અને ૭ બીજા સભ્યો રહેશે.

'રાષ્ટ્રીય એકતા પરિષદ'નું એવું મંતવ્ય રહ્યું કે રાષ્ટ્રીય એકતાને પોષવા અને વિકસાવવા સારુ રાજકીય પક્ષો, અખબારો, વિદ્યાર્થીઓ અને જાહેર જનતા એ સહુ માટે આચારસંહિતા હોવી જરૂરી છે. આવતી સામાન્ય ચૂંટણીને લક્ષમાં લઈને રાજકીય પક્ષો સારુ એક ખાસ આચારસંહિતા ઘડી કાઢવી જોઈએ. આ બધી બાબતો અંગે લાગતાવળગતા હિતો સાથે ચર્ચાવિચારણા કર્યા વિના વ્યાપક નિયમો ઘડી કાઢવાનું શકય નથી. આમ છતાં પરિષદમાં હાજર રહેલ વિવિધ પક્ષોના પ્રતિનિધિઓ રાજકીય પક્ષો માટે નીચેના નિયમોનો તાત્કાલિક સ્વીકાર કરવા સંમત થયા હતા :—

(૧) જુદી જુદી જ્ઞાતિઓ અને ધાર્મિક કે ભાષાકીય કોમો વચ્ચે ધિક્કાર જન્માવે કે તંગદિલી વધારે એવી કશી પ્રવૃત્તિ કોઈ પક્ષે કરવી જોઈએ નહીં.

(૨) રાજકીય પક્ષોએ સમાધાન અને મધ્યસ્થીના બધા માર્ગો અપનાવી લીધા વિના કોમી, જ્ઞાતીય, પ્રાદેશિક કે ભાષાકીય પ્રશ્ન અંગેની ફરિયાદો અંગે દાદ મેળવવા એવી ચળવળોનો આશરો લેવો જોઈએ નહીં, કે જેથી શાંતિનો ભંગ થાય અને જનતાના જુદા જુદા વિભાગો વચ્ચે કડવાશ ઊભી થાય કે તંગદિલી વધે.

(૩) કોઈ પણ રાજકીય પક્ષ કોઈ પણ બાબત અંગે કોઈ ચળવળ ઉપાડે તો એણે એટલું તો અવશ્ય ધ્યાન રાખવું જોઈએ

કે એની ચળવળ દરમ્યાન હિંસાને ઉશ્કેરણી ન મળે તથા કોઈ પણ જાતના હિંસાત્મક કૃત્યોનો આશરો ન લેવાય. અને પક્ષના બધા જ પ્રયત્નો છતાં ય જો હિંસા ફાટી નીકળે તો પક્ષે તેને તુરત જ વખોડી કાઢવી જોઈએ.

(૪) રાજકીય પક્ષોએ બીજા પક્ષો દ્વારા યોજાયેલ સભા-સરઘસો વગેરેમાં અવરોધો ઊભા કરવાની અને એમને તોડી પાડવાની પ્રવૃત્તિથી દૂર રહેવું જોઈએ.

(૫) કાયદો અને વ્યવસ્થા જાળવવા માટેનાં પગલાં લેતી વખતે સરકારે એ વાતની કાળજી રાખવી જોઈએ કે નાગરિક-સ્વાતંત્ર્ય પર બિનજરૂરી અંકુશો ન મુકાય અને રાજકીય પક્ષોની રાબેતા મુજબની પ્રવૃત્તિઓમાં કશી બાધા પહોંચે એવાં પગલાં ન ભરાય.

(૬) કોઈ પણ કક્ષાએ રાજકીય સત્તાનો ઉપયોગ અંગત કે પોતાના જ પક્ષના સભ્યોના વ્યક્તિગત હિતોને પાર પાડવા કે અન્ય પક્ષોના સભ્યોના હિતોને નુકસાન પહોંચાડવા સારુ ન કરવો જોઇએ.

જુદા જુદા રાજકીય પક્ષોના પ્રતિનિધિઓએ પ્રાંતીય તેમ જ રાષ્ટ્ર સ્તરે શિષ્ટાચારના નિયમો ઘડી કાઢવાના તેમ જ પરસ્પર મંત્રણા અને સમાધાન માટેનું તંત્ર ઊભું કરવાના પ્રયત્નો ચાલુ રાખવા જોઈએ.

રાષ્ટ્રીય એકતા માટે વિવિધ પ્રદેશોના સમતોલ આર્થિક વિકાસનો પ્રશ્ન મહત્ત્વનો છે. હજીયે વિવિધ પ્રદેશો વચ્ચેની અસમાનતાનું અંતર મોટું છે આથી આર્થિક દષ્ટિએ પછાત એવા વિસ્તારોના શીઘ્ર વિકાસને ઉચ્ચ મહત્ત્વ અપાવું જોઈએ. પ્રાદેશિક અને આર્થિક અસમાનતા દૂર કરવી હોય તો વિવિધ રાજ્યો વચ્ચે મજૂર અને અધિકારીઓની મુક્ત હેરફેર વચ્ચેના સર્વ અંતરાયો દૂર કરવા જરૂરી છે. ગ્રામવિસ્તારનો આર્થિક વિકાસ, વધુ વિકેન્દ્રીકરણ, અને આર્થિક વિકાસની પ્રવૃત્તિના વધુ વ્યાપક પ્રસારણ પર અધિક ધ્યાન અપાવું જોઈએ.

[ 'રાષ્ટ્રીય એકતા પરિષદ'ના સર્વસંમત નિવેદનમાંથી ]

# યજ્ઞ પ્રકાશન

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | શિક્ષણ-વિચાર | વિનોબા | | ૨-૦૦ |
| ૨ | શાંતિ-સેના | ,, | | ૧-૨૫ |
| ૩ | સત્યાગ્રહ | ,, | | ૧-૦૦ |
| ૪ | સામ્યસૂત્ર | ,, | | ૦-૭૫ |
| ૫ | ભૂદાનગંગા ખંડ ૧-૨-૩ | ,, | પ્રત્યેકનો | ૧-૦૦ |
| ૬ | વ્યાપારધર્મ | ,, | | ૦-૨૫ |
| ૭ | વિશ્વમંદિર | ,, | | ૦-૨૫ |
| ૮ | સર્વોદય-પાત્ર | ,, | | ૦-૩૧ |
| ૯ | ગાંધીજનને | ,, | | ૦-૫૦ |
| ૧૦ | ગાંધીજીના ગુજરાતને | ,, | | ૦-૨૫ |
| ૧૧ | ગ્રામદાન એટલે અભયદાન | ,, | | ૦-૨૫ |
| ૧૨ | શુચિતા સપ્તક | ,, | | ૦-૨૦ |
| ૧૩ | ચીનનો સવાલ | ,, | | ૦-૨૦ |
| ૧૪ | બહેનોને | ,, | | ૦-૧૫ |
| ૧૫ | બુદ્ધ-શંકર-માર્ક્સ-ગાંધી | દાદા-વિનોબા | | ૦-૫૦ |
| ૧૬ | શાંતિ-વિચાર | દાદા ધર્માધિકારી | | ૦-૪૦ |
| ૧૭ | વિચારક્રાંતિ (પૂર્વાર્ધ-ઉત્તરાર્ધ) | ,, | પ્રત્યેકના | ૨-૦૦ |
| ૧૮ | યુગ પલટાય છે | રવિશંકર મહારાજ | | ૦-૨૫ |
| ૧૯ | યજ્ઞ-સંદેશ | બબલભાઈ મહેતા | | ૦-૩૫ |
| ૨૦ | પરોઢનાં સમણાં | હર્ષકાન્ત વોરા | | ૦-૨૫ |
| ૨૧ | ભૂદાન પોથી | સુભદ્રા ગાંધી | | ૦-૩૧ |
| ૨૨ | ભૂમિપુત્રની વાતો ભાગ ૧-૨-૩ | (સંપાદિત) | પ્રત્યેકના | ૦-૨૫ |
| ૨૩ | ધરતીનાં ગીતો | (સંકલિત) | | ૦-૧૨ |
| ૨૪ | પ્રાર્થના પોથી | | | ૦-૦૬ |
| ૨૫ | સામ્યયોગી વિનોબા (જીવનચરિત્ર) | પ્રબોધ ચોકસી | | ૧-૨૫ |
| ૨૬ | ગરીબનો મરો | તોલ્સ્તોય | | ૨-૦૦ |
| ૨૭ | લોકસ્વરાજ્ય | જયપ્રકાશ નારાયણ | | ૦-૫૦ |
| ૨૮ | વિશ્લેષણ | દાદા ધર્માધિકારી | | ૧-૨૫ |
| ૨૯ | ઉપનિષદોનો અભ્યાસ | વિનોબા | | ૧-૦૦ |

# શાંતિ-સંકલ્પ

"હું ભારતના એક નાગરિક તરીકે સુસંસ્કૃત સમાજના સાર્વભૌમ સિદ્ધાંતમાં મારી શ્રદ્ધા વ્યક્ત કરું છું. નાગરિકો વચ્ચે, સમુદાયો વચ્ચે, સંસ્થાઓ વચ્ચે કે નાગરિકોનાં સંગઠનો વચ્ચે ઊભા થતા બધા કલહો શાંતિમય સાધનો વડે જ ઉકેલવા એ સંસ્કારી સમાજનું અલ્પતમ લક્ષણ છે. રાષ્ટ્રની એકતા ને અખંડિતતા સામે જે ભયો વધી રહ્યા છે તેને લક્ષમાં લઈ ને મારા પ્રદેશમાં કે ભારતના કોઈ પણ ભાગમાં કોઈ પણ કલહ અંગે સ્થૂળ હિંસાનો કદીયે આશરો ન લેવાનો હું આથી સંકલ્પ કરું છું."

[ સર્વ સેવા સંઘ દ્વારા સૂચવાયેલ આ શાંતિ-સંકલ્પ લેવાનો ભારતના દરેક પુખ્ત વયના નાગરિકને 'રાષ્ટ્રીય એકતા પરિષદે' અનુરોધ કર્યો છે. ]

કીમત : ૧૫ નયા પૈસા